Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મ સં. ૮૩ (ચાલુ) વીર સં. ૨૫૦૪
વિક્રમ સં. ૨૦૩૪ અષાડ

આત્માનંદ પ્રકાશ

વાર્ષિક લવાજમ રૂા. ૭

# મેં ફૂલ ચોર્યા

ફૂલોનો શોખ તો મને નાનપણથી જ હતો. મારી બા ફૂલ પ્રત્યે જે મમતા ધરાવતી, ઘરમાં પ્રભુની છબી માટે જે શ્રદ્ધાથી ફૂલની માળા ગુંથતી તે મમતા અને શ્રદ્ધા મને વારસામાં મળેલી હોવી જોઇએ.

અમારા બગીચામાંથી સુંદર નાનાં ખીલેલાં પુષ્પો હું મારી બા માટે એક છાબમાં લાવીને રાખતો. મને એ વખતે જાણે કે સાચાં મોતી વીણી લાવતો હોઉં એટલો હર્ષ અને સંતોષ થતો. બા જ્યારે એ ફૂલ હાથમાં લઇને ભગવાનની છબી પાસે ગોઠવતી ત્યારે એની આંગળીઓ જાણે કે કોઈ સુકુમાર વાજીંત્ર ઉપર ફરતી હોય એવી મારા અંતરમાં ઝણ-ઝણાટી ઉઠતી.

પુષ્પો પૂજા માટે ચૂંટાવાં જોઇએ. એ શિક્ષણ અને સંસ્કાર પણ મને મારી માતા પાસેથી જ મળ્યાં છે. આજે કેટલેક ઠેકાણે શ્રીમંતો પોતાના ઘરમાં ફૂલદાનીની અંદર ફૂલો ગોઠવે છે, કોઈ કોઈ તો પોતે જ માળા પહેરી એનો ઉપભોગ કરે છે. આ દશ્ય મારી આંખને ઘણું કઠોર લાગે છે મને ઘણીવાર એમ થાય છે કે પ્રકૃતિનાં નાનાં બાળ જેવાં આ પુષ્પો ચૂંટવાનો આપણને શું અધિકાર છે?

એક વાર હું મારા પાડોશીના બગીચામાં પેસી, છાનોમાનો કેટલાંક ફૂલો લઈ આવ્યો. મારી બા એ જોઇને ખૂબ પ્રસન્ન થશે એમ મેં માનેલું. ચોરી તો હતી જ, પણ ફૂલની ચોરી કંઈ ચોરી ન ગણાય. ગમે તેના હાથથી એ ચૂંટાવાના તો હતાં જ. મને ઉતાવળ હતી–કારણ કે કોઈ જોઈ જાય એવી બીક હતી, એટલે ઝટપટ ફૂલો તોડતો હતો. સદ્ભાગ્યે મને કોઇએ ન જોયો.

મારી બાને, પૂજાનો વખત થયો એટલે મેં એ ફૂલો લાવી આપ્યાં. એમાં ઘણી ખીલતી કળીઓ હતી. એ કળીઓ જોતાં જ બાનાં ભક્તિતરબોળ ચહેરા ઉપર વેદનાની આછી રેખાઓ અંકાઈ, પૂછ્યું : "આ ફૂલો ક્યાંથી લાવ્યો?"

(અનુસંધાન ટાઈટલ પેજ ૪ ઉપર)

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

પુસ્તક : ૭૫ ] જુલાઇ : ૧૯૭૮ [ અંક : ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# : અનુક્રમણિકા :


| લેખ | લેખક | પૃષ્ઠ |
| --- | --- | --- |
| પૂર્ણ અને પવિત્ર દર્શન | શ્રીમદ્ રાજચંદ્ર | ૧૪૭ |
| પ્રભાવક જૈનાચાર્યોનું સંસ્મરણ | પંડિત લાલચંદ્રજી | ૧૪૮ |
| યાત્રા બત્રીશી (કાવ્ય) | ડૉ. બાવીશી | ૧૫૨ |
| બુદ્ધ ભગવાનનું મહા પરિનિર્વાણ | શ્રી ખીમચંદ ચાંપશી શાહ | ૧૫૪ |
| આત્મભ્રાન્તિ | શ્રી રતિલાલ માણેકચંદ શાહ | ૧૫૯ |
| કર્મ અવલોકન | શાસ્ત્રી રમેશ લાલજી | ૧૬૧ |
| સમાચાર | | ૧૬૩ |


આ સભાના નવા આજીવન સભ્ય

## શ્રી કાંતિલાલ પરશોતમદાસ શાહ ભાવનગર

## આવતો અંક પર્યુષણ અંક

અમારો હવે પછીનો આત્માનંદ પ્રકાશનો અંક નિયમ મુજબ તા. ૧૬-૮-૭૮ના રોજ બહાર પડશે નહીં અને હવે પછીનો આવતો અંક પર્યુષણ પર્વ તરીકેનો ખાસ અંક તા. ૧૬-૯-૭૮ના રોજ બહાર પડશે. તો સૌ લેખક ભાઈઓ તથા બહેનોને વિનંતિ કે તેમના લેખો તા. ૨૦-૮-૭૮ સુધીમાં મોકલી આપવા યોગ્ય કરશો.

## ● સ્વીકાર સમાલોચના ●

(૧) પૂજ્ય આચાર્ય શ્રી વિજયનંદનસૂરિ સ્મારક ગ્રંથ :
સંપાદક-રતિલાલ દીપચંદ દેશાઈ
પ્રકાશક-શ્રી વિશા-નીમા જૈન સંઘ. ગોધરા

(૨) શ્રી જિનેન્દ્ર પૂજા સંગ્રહ :
સંપાદક-શ્રી મોતીલાલજી ક્ષમાનંદજી શ્રીજી મહારાજ. ભુજપુર (કચ્છ)

(૩) શ્રી સમયસાર : સંપાદક-કાનજીસ્વામી.

### * સુવાસમય પુષ્પો *

* વ્યવસ્થા એ ઘરની શોભા છે.
* સદાચાર એ ઘરની સુવાસ છે.
* આતિથ્ય એ ઘરનો વૈભવ છે.
* સમાધાન એ ઘરનું સુખ છે.
* સુસંપ એ ઘરની પ્રતિષ્ઠા છે.

* રોગ થાય તેવું ખાશો નહિ.
* દેવું થાય તેવું ખર્ચશો નહિ.
* કલેશ થાય તેવું બોલશો નહિ.
* ચિંતા થાય તેવું જીવશો નહિ.
* પાપ થાય તેવું કમાશો નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

● તંત્રી : શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહ ●

| વર્ષ : ૭૫ | વિ. સં. ૨૦૩૪ અષાડ : જુલાઈ ૧૯૭૮ | અંક : ૯ |
|---|---|---|

# પૂર્ણ અને પવિત્ર દર્શન

શ્રીમદ્ રાજચંદ્ર

જે પૂર્ણદર્શન વિષે અત્રે કહેવાનું છે તે જૈન એટલે નિરાગીના સ્થાપન કરેલા દર્શન વિષે છે. એના બોધદાતા સર્વજ્ઞ અને સર્વદર્શી હતા. કાળભેદ છે તો પણ એ વાત સૈદ્ધાંતિક જણાય છે. દયા, બ્રહ્મચર્ય, શીલ, વિવેક, વૈરાગ્ય, જ્ઞાન ક્રિયાદી એના જેવા પૂર્ણ એકકેએ વર્ણવ્યાં નથી તેની સાથે શુદ્ધ આત્મજ્ઞાન, તેની કોટિઓ, જીવનાં ચ્યવન, જન્મ, ગતિ, વિગતિ, યોનીદ્વાર, પ્રદેશ, કાળ તેનાં સ્વરૂપ એ વિષે એવો સૂક્ષ્મ બોધ છે કે. જે વડે તેની સર્વજ્ઞતાની નિઃશંકતા થાય. કાળભેદે પરમ્પરામ્નાયથી કેવળજ્ઞાનાદિ જ્ઞાનો જોવામાં નથી આવતાં, છતાં જે જે જિનેશ્વરનાં કહેલાં સૈદ્ધાંતિક વચનો છે તે અખંડ છે. તેઓના કેટલાક સિદ્ધાંતો એવા સૂક્ષ્મ છે કે જે એકેક વિચારતાં આખી જીંદગી વહી જાય તેવું છે.

જિનેશ્વરનાં કહેલાં ધર્મતત્ત્વથી કોઈ પણ પ્રાણીને લેશ ખેદ ઉત્પન્ન થતો નથી. સર્વ આત્માની રક્ષા અને સર્વાત્મશક્તિનો પ્રકાશ એમાં રહ્યો છે. એ ભેદો વાંચવાથી, સમજવાથી અને તે પર અતિ સૂક્ષ્મ વિચાર કરવાથી આત્મશક્તિ પ્રકાશ પામી જૈનદર્શનની સર્વજ્ઞતાની, સર્વોત્કૃષ્ટપણાની હા કહેવરાવે છે. બહુ મનનથી સર્વ ધર્મમત જાણી પછી તુલના કરનારને આ કથન અવશ્ય સિદ્ધ થશે.

વારંવાર હું તમને નિર્ગ્રંથના વચનામૃતો માટે કહું છું, તેનું કારણ તે વચનામૃતો તત્ત્વમાં પરિપૂર્ણ છે, તે છે.

બહુ બહુ મનનથી અને મારી મતિ જ્યાં સુધી પહોંચી ત્યાં સુધીના વિચારથી હું વિનયથી એમ કહું છું કે, પ્રિય ભવ્યો! જૈન જેવું એક્કે પૂર્ણ અને પવિત્ર દર્શન નથી, વીતરાગ જેવો એક્કે દેવ નથી, તરીને અનંત દુઃખથી પાર પામવું હોય તો એ સર્વજ્ઞ દર્શનરૂપ કલ્પવૃક્ષને સેવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભાવક જૈનાચાર્યોનું સંસ્મરણ

લેખક : પંડિત લાલચંદજી ગાંધી

## વિક્રમ સંવત્-પૂર્વે

### મહાવીરના ગણધરો અને પટ્ટધરો

અનેક રાજા-મહારાજાઓ વિગેરેને પ્રતિબોધ આપનાર ચરમતીર્થંકર ક્ષત્રિય મહાપુરુષ **શ્રમણ ભગવાન** મહાવીરના પવિત્ર પાદપીઠને તથા સન્માનનીય પટ્ટને પ્રારંભમાં વેદ-વેદાંગવિદ્ વિદ્વદ્રત્ન ઇંદ્રભૂતિ ગૌતમ વિગેરેએ અને સુધર્મા જેવા સુધર્મનિષ્ઠ મુમુક્ષુ બ્રાહ્મણોએ હજારોની સંખ્યાવાળા બહોળા શિષ્ય-પરિવાર સાથે વિભૂષિત કર્યું (કરી): તીર્થંકરની ગંભીર ત્રિપદી પરથી વિશાલ દ્વાદશાંગી (જૈનસિદ્ધાંત)ની રચના કરનાર ઉચ્ચ કોટિના ૧૧ વિદ્વચ્છિરોમણિ જૈન-શાસનના મહારથી પૂજ્યપદારૂઢ ગણધરો થયા પછી એ જ મહાજનોના માન્યમાર્ગે સત્યતત્ત્વવિચારક અને પરીક્ષક દશવૈકાલિક સૂત્રકાર શય્યંભવ જેવા અને નિર્યુક્તિકાર ભદ્રબાહુસ્વામી જેવા શ્રુતકેવલી મહાનુભાવ વિચર્યા હતા.

## વિક્રમની ૧લી થી ૧૦મા સદી સુધીમાં

### સુયશસ્વી જૈનાચાર્યો

ત્યાર પછી ન્યાયાવતાર-સન્મતિકાર સિદ્ધસેન દિવાકર જેવા સમર્થ સુયશસ્વી તાર્કિક અને કવીશ્વરે, હરિભદ્રસૂરિ જેવા અસાધારણ ગ્રંથકારે, કવિરત્ન ધનપાલના સુબંધુ મુનિ શોભને, જિનેશ્વરસૂરિ અને બુદ્ધિસાગરસૂરિ જેવા બહુ બુદ્ધિશાલી અદ્વિતીય બંધુ યુગલે અને એવા બીજા અનેક વિદ્વદ્રત્ન બ્રાહ્મણોએ વિશ્વધર્મ-જૈનધર્મની વિચક્ષણતાથી નિષ્પક્ષપાત પરીક્ષા કરી-તેના પરિણામે તેની સર્વોત્કૃષ્ટતા પ્રતિભાસતાં તેનો સત્કાર-સ્વીકાર કર્યો. પોતાને સાચા માહણ તરીકે પ્રસિદ્ધ કરી વંદનીય જૈનાચાર્ય-પદવીને શોભાવી જૈન-શાસનની જયપતાકાને-કીર્તિપતાકાને દિગંતમાં ફરકાવી હતી. જૈન સિદ્ધાંતસૂત્રોના ભાષ્યકાર, ચૂર્ણિકાર, વ્યાખ્યાકારો અને તેના વિવિધ અંશો લઇ વિસ્તૃત કે સંક્ષિપ્ત હજારો ગ્રંથો રચનારા સેંકડો વિદ્વાનોએ સ્વૈર વિચરતી એ વૈજયંતીને અસ્ખલિત વિહરવા અવકાશ આપી અવલંબન આપ્યું હતું. પાછળના આચાર્યોને ઉચ્ચ પ્રકારની પ્રેરણા આપતી અને સાનમાં કંઇક સમજાવતી એ વિજયવતી જૈન-પતાકા જગતમાં ચિરસ્મરણીય રહી यावच्चन्द्रदिवाकरौ ફરકતી રહે-એમ ઇચ્છીશું.

જેઓએ પરોપકારાર્થ અસાધારણ ગ્રંથો રચ્યા હતા, જેઓએ સેંકડો મંદિરો અને હજારો જિન-મૂર્તિયોને પ્રતિષ્ઠિત કરી હતી, ઉચ્ચ રાજ્યાધિકારીઓ તથા મહર્ધિક શ્રીમાનો, સંઘપતિઓ જેમના સદુપદેશથી અને સચ્ચરિત્રથી ભક્તો બન્યા હતા, જેમના સદુપદેશથી તીર્થયાત્રાના મોટા આડંબરવાળા સંઘો નીકળ્યા હતા અને જેમના પ્રવ્રજ્યા-મહોત્સવો, પદ-મહોત્સવો અને પરલોક-પ્રયાણના પ્રસંગોમાં શ્રદ્ધાળુ શ્રી જૈનસંઘે અને શ્રીમાન્ ભક્તજનોએ ઉચ્ચ ભક્તિભાવ દર્શાવ્યો હતો, સાધર્મિક-વાત્સલ્યો કર્યાં હતાં અને સમયોચિત દાનાદિ અનેક સત્કર્તવ્યો કરી ઉદારચિત્તે પુણ્યપ્રાપ્ત પ્રકૃતિ ચંચલલક્ષ્મીના લહાવા લીધા હતા-એ મહાનુભાવ આચાર્યોના સંબંધમાં ઉલ્લેખો કરવાનું અહિં બની શકે નહિ.

### રાજમાન્ય જૈનાચાર્યો

જેઓએ પોતાની વિચક્ષણ વિદ્વત્તાથી, અવિચલ વિશુદ્ધ શ્રદ્ધાથી અને ઉત્કૃષ્ટ સુચારિત્રથી રાજા-મહારાજાઓ પર પ્રબલ પ્રભાવ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાડ્યો, રાજા-મહારાજાઓ દ્વારા અનેક સત્‌કર્તવ્યો કરાવ્યાં, રાજા-મહારાજાઓના શ્રેષ્ટ સન્માન-સત્કારને પ્રાપ્ત કરવા છતાં જેઓએ લેશમાત્ર અભિમાન આણ્યું નહિ, રાજા-મહારાજાઓને ધાર્મિક પ્રબોધ આપી માત્ર તેમને જ નહિ, 'यथा राजा तथा प्रजा' ઉક્તિ પ્રમાણે તેમની સમસ્ત પ્રજાને પણ સુધાર્મિક કરવા તેમને સન્માર્ગે ચડાવવા જેઓએ સુયત્નો કર્યા, રાજા-મહારાજાઓની વિચક્ષણ વાદીઓ અને વિવિધમતાનુયાયી વિજ્ઞોથી ભરેલી રાજસભાઓમાં ક્ષોભ ન પામતાં જેઓએ વિજય-સ્તંભ રોપ્યો, અહિંસાધર્મનું સાચું રહસ્ય સમજાવ્યું, આર્હતદર્શનનું – અનેકાન્તદર્શનનું વાસ્તવિક ગૌરવ જેમણે પ્રમાણ-પ્રતિષ્ઠિત કર્યું, જેમના સદુપદેશથી અમારિ-અહિંસા અભયદાનની ઉદ્‌ઘોષણાઓ પ્રકટી અને સમસ્ત પ્રાણિગણ નિર્ભય થયો, જેમના સદુપદેશથી રાજા-મહારાજાઓને પોતાની મનુષ્ય પ્રજાની જેમ નિર્દોષ અવાચક કૃપાપાત્ર પશુ, પક્ષી, જલચર જેવી અન્ય પ્રાણિગણરૂપ પ્રજાની કિંમતી જીંદગી તરફ પણ દયાળુ થવાનું સૂઝયું, ધર્મનિમિત્તે કે દેવ-દેવીને બલિદાન દેવાને બહાને થતો સંહાર જેમના સદુપદેશથી અટકયો, વિશ્વમૈત્રીના વિશાલ સિદ્ધાંતને વિસ્તારનાર તે રાજમાન્ય ધર્મધુરંધર પ્રાચીન ધર્માચાર્યોમાંથી કેટલાક શ્વે. જૈનાચાર્યોનું જ સંસ્મરણ કિંવા માત્ર નામ-કીર્તન જ અહિં કરી શકાય.

**સ્થૂલભદ્ર :**

મહાસમ્રાડ્ નંદરાજ દ્વારા અપાતી મંત્રીરાજની મુદ્રા સ્વીકારવા સંબંધમાં આલોચના કરતાં શ્રમણરાજની મુદ્રાને શ્રેષ્ઠ ગણી સ્વીકારનાર, દુષ્કરદુષ્કરકારક, મંત્રીશ્વર શકટાલના નંદન આર્ય સ્થૂલભદ્ર.

**સુહસ્તી :**

જેમના ચરણ-કમલની સેવાથી સમૃદ્ધ સામ્રાજ્ય પ્રાપ્ત થતાં મહારાજા સંપ્રતિએ અર્ધ-ભારતનાં પ્રત્યેક નગર, ગામ વિગેરેને જિન-ચૈત્યોથી વિભૂષિત કર્યા, તે દીર્ઘદર્શી આર્ય સુહસ્તી.

**પાલિતસૂરિ :**

પ્રતિષ્ટાનપત્તન (પૈઠણ. દક્ષિણ)ના સમ્રાટ્ હાલ (શાલિવાહન)શ્રી સારી રીતે સન્માનિત થયેલા તથા પાટલિપુત્ર(પટણા)ના પૃથ્વીપતિ મુરુડંરાજ વિગેરેના પ્રીતિપાત્ર, વ્યોમવિહારી તરંગવતી કથાકાર પ્રખ્યાત પાલિત્ત (પાદલિપ્ત) સૂરિ.

**કાલકાચાર્ય :**

શાલિવાહનની પ્રાર્થનાથી પ્રતિષ્ઠાનપત્તનમાં સંઘના આદેશપૂર્વક પર્યુષણાપર્વને પંચમીના સ્થાને ચતુર્થીમાં પ્રવર્તાવનાર તથા ઉજ્જયિની (માળવા)ના ઉન્મત્ત અનીતિમાન્ રાજા ગર્દભિલ્લને પારસકૂલના ભક્ત શક-શાહિરાજાઓ દ્વારા પદભ્રષ્ટ-રાજ્યભ્રષ્ટ કરાવનાર પ્રસિદ્ધ ક્ષત્રિય કાલકાચાર્ય.

**સિદ્ધસેન દિવાકર :**

ઉજ્જયિની (માળવા)ના સંવત્-પ્રવર્તક સુપ્રખ્યાત વિક્રમાદિત્યથી વિશિષ્ટ સત્કાર પ્રાપ્ત કરનાર દક્ષિણાપથમાં દિવંગત થયેલા સુપ્રસિદ્ધ સિદ્ધસેન દિવાકર.

**વજ્રસ્વામી :**

અનેક પ્રકારે જૈન-શાસનની પ્રભાવના કરનાર, દુર્ભિક્ષના વિષમ સમયમાં શ્રી સંઘને સુભિક્ષ પુરીમાં લઇ જઇ સુરક્ષા કરનાર આકાશ માર્ગે વિચરનાર, પુરીના બૌદ્ધ રાજાને પ્રજા સાથે જૈન બનાવનાર આર્યવજ્ર.

**ખપુટાચાર્ય :**

ગુડસત્થ (ગુડશસ્ત્ર) પુરના વેણિવત્સરાજ રાજાએ જેની વિદ્યાનું અદ્ભુત માહાત્મ્ય જોઇ વીતરાગ (જિન) મત સ્વીકાર્યો અને સમીપના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પર્વત પર પોતે પૂર્વે કરાવેલા બુદ્ધદેવી તારાના મંદિરને લીધે તારાપુર નામથી ઓળખાતા સ્થાન (તારંગા)માં પાછળથી તેણે જ સિદ્ધાયિકાનું ભવન કરાવ્યું; (જે સ્થાનને કાલવશાત્ દિગંબરોએ ગ્રહણ કર્યું હતું, પરંતુ પાછળથી જ્યાં કુમારપાલ ભૂપાલે જસદેવના પુત્ર અભય દંડનાયક દ્વારા અજિત જિનેંદ્રનું ઉંચું મંદિર કરાવ્યું હતુ ) તે રાજ–પ્રતિબોધક વિદ્યાસિદ્ધિ આર્ય ખપુટાચાર્ય.

**મલ્લવાદી અને ધનેશ્વરસૂરિ :**

વલભી (વળા, સોરઠ)ના સ્વામી શિલાદિત્ય દ્વારા સત્કૃત થયેલા, વાદમાં બૌદ્ધો પર વિજય પ્રાપ્ત કરનાર, નયચક્રકાર મહાન્ તાર્કિક મલ્લવાદી અને શત્રુંજય–માહાત્મ્ય રચનાર ધનેશ્વરસૂરિ.

**માનતુંગસૂરિ :**

વારાણસીના શ્રી હર્ષદેવના માનનીય, સૂર્ય-શતક દ્વારા કુષ્ઠરોગને દૂર કરનાર મહાન્ કવિ મયૂર તથા ચંડીશતક દ્વારા હાથ–પગને પુનઃ પ્રાપ્ત કરનાર બાણભટ્ટ જેવા સિદ્ધકવિ સામે ભક્તામર (આદીશ્વર–સ્તોત્ર) દ્વારા શૃંખલાદિ વેષ્ટનો અને નિગડાદિ બંધનોથી ચમત્કારક રીતે નિર્મુક્ત થઈ જૈન–શાસનનો અતિશય મહિમા વધારનાર, ભયહરસ્તોત્ર દ્વારા ભય હરનાર માનતુંગસૂરિ.

**હરિગુપ્તાચાર્ય :**

ઉત્તરાપથમાં ચંદ્રભાગા નદીના તીર પર રહેલી પવ્વઈયા નામની રાજધાનીમાં રહી પૃથ્વીનું પાલન કરનારા તોરરાજે જેમને પોતાની નગરીમાં નિવેશ આપ્યો હતો–તે તોરરાજના ગુરુ આચાર્ય હરિગુપ્ત.

**બપ્પભટ્ટિસૂરિ :**

ગોપાગરિ (ગવાલિયર)ના મહારાજ આમરાજ (નાગાવલોક)ના પરમ માનનીય પરમ સન્મિત્ર તથા ગૌડના ધર્મરાજ તથા કવિરાજ વાક્પતિરાજ આદિને ઉચ્ચ તાત્ત્વિક પ્રતિબોધ આપનાર કવીશ્વર બપ્પભટ્ટિસૂરિ (ભદ્રકીર્તિ).

**આચાર્ય શીલાંક :**

અણહિલવાડ પાટણ (ગુજરાતની પ્રાચીન રાજધાની)ના સ્થાપક ગુર્જરેશ્વર વનરાજ ચાવડાના પાલક પ્રોત્સાહક આશ્રયદાતા પ્રસિદ્ધ શીલગુણસૂરિ અપરનામ વિમલમતિ કવિ શીલાંક આચારાંગ–સૂત્રકૃતાંગ વિગેરેના વ્યાખ્યાતા અને ચઉપ્પન્ન–મહાપુરિસચરિય જેવા મહાગ્રંથના નિર્માતા.

## વિક્રમની ૧૧મી સદીમાં

**પ્રદ્યુમ્નસૂરિ :**

તલપાટકમાં અલ્લુકરાજા (મેવાડના આલુ-રાવળ વિ. સં. ૧૦૦૮થી ૧૦)ની સભામાં, વાદ જીતીને દિગંબરોએ દબાવેલા વેંકપટ્ટને ગ્રહણ કરનાર તથા સપાદલક્ષ (સેવાલિક), ગોપાલ [ગિરિ] (ગવાલિયર) અને ત્રિભુવન-ગિરિ (તિહુણગિર) વિગેરે દેશોના રાજાઓને ૮૪ વાદ વિજયદ્વારા રંજિત કરનાર રાજગચ્છના પ્રદ્યુમ્નસૂરિ.

**ધનેશ્વરસૂરિ વિગેરે**

માલવાના મહીશ મુંજરાજ અને મહારાજા ભોજની રાજસભામાં વાદમાં જયલક્ષ્મી વરનાર ત્રિભુવનગિરિના નરેશ કર્દમ ભૂપતિ–રાજગચ્છના નાયક રાજર્ષિ ધનેશ્વરસૂરિ તથા ભોજના મનમાં વાસ કરનાર દેવભદ્ર વિગેરે.

ગૂર્જરેશ્વર ભીમદેવથી સન્માનિત અને માલવેશ્વર ભોજની વિદ્વત્સભાને પ્રતિભાથી પરાભૂત કરનાર ગોવિંદાચાર્ય, સૂરાચાર્ય, વાદિવેતાલ શાંતિસૂરિ, મહેન્દ્રસૂરિ વિગેરે.

**વિજયસિંહાચાર્ય :**

શીઘ્રકવિત્વશક્તિથી પરમ પ્રકર્ષ પામેલા જે કવિને તેના ખડ્ગકાવ્યથી પરિતુષ્ટ થઈ મહારાજા નાગાર્જુનરાજે 'ખડ્ગાચાર્ય' બિરૂદ આપ્યું હતું અને લાટેશ્વર વત્સરાજના મિત્ર કવિ સોઢ્ઢલે ઉદયસુંદરી કથા (ગા. ઓ. સિ. પૃ. ૧૫૫)માં મિત્ર તરીકે જેમનું સંસ્મરણ કર્યું છે; તે વિજયશીલ વિજયસિંહાચાર્ય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જિનેશ્વરસૂરિ :

અણહિલવાડ પાટણ (ગુજરાત)માં ગુર્જરેશ્વર સોલંકી દુર્લભરાજની વિચક્ષણ પંડિતોવાળી રાજસભામાં ચૈત્યવાસીઓ સાથેના વાદમાં વિજયશાલી થનાર જિનેશ્વરસૂરિ.

## વિક્રમની ૧૨મી સદીમાં

મલધારી અભયદેવસૂરિ :

જેમના સદુપદેશથી પ્રતાપી ગૂર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહે પોતાના સમસ્ત દેશમાં એકાદશી અને પર્યુષણા જેવા દિવસોમાં શાસન દાન પૂર્વક અમારી (અહિંસા) કરાવી હતી.

જેમના સંદેશ (લેખ)થી પણ શાકંભરીશ્વર પૃથ્વીરાજ રાજાએ રણથંભોરમાં જિનાલય પર સોનાનો કળશ ચડાવ્યો હતો.

ગોપગિરિ (ગવાલિયર)ના શિખર પર રહેલ ચરમજિન (મહાવીર)ના મંદિરના (કુત્સિત રાજદ્વારીઓએ ચિરકાલ અવરુદ્ધ કરેલા) દ્વારને જેણે ત્યાં જઈ ભુવનપાલ નામના રાજાને કહી અતિશય પ્રયત્નપૂર્વક ખુલ્લુ કરાવ્યું હતું.

જેમના સ્વર્ગગમન-સમયની સ્મશાનયાત્રા વિભૂતિને રાજા જયસિંહે (સિદ્ધરાજે) પરિજન સાથે પ્રાકાર (કોટ)ના પશ્ચિમ અટ્ટાલક પર રહીને જોઈ હતી અને જે નિર્ગ્રંથના નિઃસ્પૃહતાદિ ઉચ્ચ સદ્‌ગુણોનું સદ્‌ભૂત વર્ણન પ્રત્યક્ષ અવલોકનકાર મધ્યસ્થ કવિરત્ન દ્વારા સૂચિત થઈ ઉપલબ્ધ થાય છે. તે કર્ણદેવદ્વારા મલધારી બિરૂદ મેળવનાર હર્ષપુરીય ગચ્છના અભયદેવસૂરિ.

મલધારી હેમચંદ્રસૂરિ :

જે (સૂરિ)ના વ્યાખ્યાન ગુણની પ્રસિદ્ધિ સાંભળીને, ગૂર્જરનરેન્દ્ર જયસિંહદેવ, ગુણી જનોના મનને ચમત્કાર ઉપજાવતો, પરિવાર સાથે સ્વયમેવ જિનમંદિર આવતો અને લાંબા વખત સુધી સ્વસ્થ ચિત્તે ધર્મકથા સાંભળતો હતો. જે (સૂરિ)નાં દર્શન માટે ઉત્કંઠિત મનવાળો થઈ, કેટલીય વાર સ્વયં વસતિ (ઉપાશ્રય)માં આવી ચિરકાલ સંલાપ કરતો હતો.

સિદ્ધરાજ જયસિંહે અભ્યર્થના કરી પોતાના રાજ-મહાલયમાં આમંત્રણ કરી જે (સૂરિ)નું માનભર્યું સ્વાગત કર્યું હતું, સોનાના વિશાલ ભાજનમાં સ્થાપેલ અર્ધ્યને આરતીની જેમ ભમાડી જેમના ચરણે ભક્તિપૂર્વક ધર્યું હતું, અને બહુમાન-ભક્તિભર્યા શબ્દો ઉચ્ચારતાં, થાળમાં પીરસાઈ આવેલ આહાર જેમને પોતાને હાથે અર્પણ કર્યો હતો.

જેણે જયસિંહ રાજાને કહી તેના સકલ મંડલમાં રહેલાં જિનમંદિરો પર દેદીપ્યમાન સોનાના કલશો ચડાવ્યા હતા.

ધંધૂકા, સાચોર વિગેરે સ્થાનોમાં અન્ય તીર્થીઓ (મતાનુયાયીઓ) દ્વારા કરાતી પીડાથી જેણે જિન-શાસનની રક્ષા કરી હતી.

કુત્સિત અધિકારીઓ દ્વારા જિન-શાસનની ભંગાતી દેવદાય (દેવ માટે ઠરેલ દાન-આવક)ને જેણે જયસિંહ રાજા દ્વારા નિવારી હતી, જિન શાસનનો થતો પરિભવ જેણે અટકાવ્યો હતો.

અણહિલવાડ પાટણના શ્રીમાન જૈન સંઘ સાથે યાત્રાએ જતાં, વણથલીમાં પડાવ નાખતાં સંઘની વિભૂતિથી લલચાયેલા, સોરઠના સ્વામી રા ખંગારને પ્રસંગોપાત્ત મળી, પ્રતિબોધ આપી જેણે સંઘને ઋદ્ધિ સાથે મુક્ત કરાવ્યો હતો, જેણે લક્ષાવધિ શ્લોકોવાળા મહત્ત્વના ગ્રંથોની રચના કરી હતી, જેની સ્મશાન-યાત્રામાં અનુગમન કરી ગૂર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહે જેનું ગૌરવ કર્યું હતું, તે પૂર્વોક્ત અભયદેવસૂરિના શિષ્ય મલધારી નામથી પ્રસિદ્ધ હેમચંદ્રસૂરિ.

વાદિ દેવસૂરિ :

ગૂર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહની રાજ-સભામાં દિગંબર વાદીન્દ્ર કુમુદચંદ્ર સાથેના વાદમાં સ્ત્રીનિર્વાણનું સમર્થન કરી વિજય સ્તંભ રોપનાર પ્રસિદ્ધ વાદી દેવસૂરિ. (ચાલુ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'યાત્રા-બત્રીશી'

## (જેસલમેર આદિ તીર્થોની યાત્રાનું સ્ફુરણા-કાવ્ય)

[ લેખક : ડૉ. ભાઇલાલ એમ. બાવીશી-પાલીતાણા ]

('તારે તે તીર્થ' એ ઉક્તિ તીર્થ-યાત્રાનું મહત્વ કહી જાય છે. સદ્‌ભાગ્યે મનુષ્ય-ભવ મળ્યો છે ત્યારે માનવી ધર્મના આચરણથી કર્મ-મૂક્ત થવા પ્રયત્ન કરે છે. જયાં પુનિત પાવન મહાવિભૂતિઓએ પદાર્પણ કરી, તપ-ત્યાગ ને સંયમ દ્વારા જીવન-મુક્તિ મેળવી, એવા પવિત્ર સ્થળો પુણ્ય-ભૂમિ બની જાય છે. આવા તીર્થ-સ્થળોએ ભાવિક-ભક્તો ભાવપૂર્વક આવે છે, સંસાર-વ્યવહારની ઉપાધીઓ વિસરે છે, પુનિત વિભુતિઓને યાદ કરે છે, તેમની પ્રતિકૃતિઓ-પ્રતિમાઓ પૂજી એમના ચિંધેલ રસ્તે કર્મ ખપાવી, સંસાર તરી જવા પ્રયત્ન કરે છે. તીર્થ-યાત્રાની આ સમજણ સાથે અમારૂં 'સામાયિક-મંડળ' પ્રતિવર્ષ ન્હાની-મ્હોટી તીર્થ-યાત્રાઓ કરવા જાય છે.

ઉપર્યુક્ત કાવ્યમાં 'જેસલમેર' આદિ રાજસ્થાનના તીર્થોની કરેલ યાત્રાનો તદ્દશ્ય ચિતાર વર્ણવ્યો છે. બત્રીશ (૩૨) તીર્થોની ભાવપૂર્વક યાત્રા કરતા એ પુન્ય-ભૂમિમાં સ્ફુરણા થઈ એને નીચેની બત્રીશ (૩૨) કડીઓમાં ઝીલી લીધી છે—લેખક.)

(રાગ-ચાંદલીયો ઉગ્યો રે સખી મારા ચોકમાં...)

### સાખી

'જેસલમેર' તીરથ પ્રતિ ડગ માંડતા,
આજ અમારે યાત્રાનો આનંદ જો! ૧

'સામાયિક મંડળ'ના બહેનો-ભાઈઓ,
સમ્યગ્ શ્રદ્ધા સાથે કરે પ્રયાણ જો! આજ૦ ૨

'સમરો મંત્ર' નવકારથી, માંગલિક પ્રયાણ,
'ભક્તામર'ના શ્રવણથી, યાત્રા થાય પ્રમાણ;
સિદ્ધાચલથી જાશું જેસલમેરજી. આજ૦ ૩

સિદ્ધગિરિથી ઉપડી, શંખેશ્વર મોઝાર,
પારસનાથને પૂજતાં, આનંદ અપરંપાર!
શ્રી શંખેશ્વર પાર્શ્વ પ્રભુને ભેટતાં. આજ૦ ૪

ભીલડીયાજી તીર્થમાં, ભેટ્યા પારસનાથ,
મહિમા પ્રભુજીનો ઘણો, અનાથના એ નાથ;
ધન્ય બન્યો અમ આતમ જિન દરિશન થતાં.
આજ૦ ૫

કળામય કુંભારીયા, શિલ્પતણો શણગાર,
પાંચે જિનના દર્શને, બેડો થયો અમ પાર;
અલબેલા એ તીર્થતણી યાત્રા થતાં.
આજ૦ ૬

જીરાવલાજી પહોંચતાં, પ્રભુ 'પારસ' પૂજાય,
૧૦૮ પાર્શ્વતણા, દિવ્ય દર્શન થાય;
હૃદય અમારા 'પારસ'મય બની જતાં.
આજ૦ ૭

દેલવાડાની દિવ્યતા, શિલ્પતણુ શિરમોર,
પ્રભુ ઋષભને પૂજતાં, અંતર હર્ષ વિભોર;
પ્રકૃતિ ને પ્રભુતાનો સુમેળ ત્યાં. આજ૦ ૮

ગઢ અચલગઢ ચઢી, ચૌમુખજી ભેટંત,
સોનેરી કિરણો સ્ફુર્યા. અંતરમાંહી અનંત;
પિંડવાડામાં દેવ-ગુરૂને વાંદીયા. આજ૦ ૯

તીર્થ અજારી આવતાં, જિનજીને વંદાય,
'સરસ્વતી'નાં દર્શને, આનંદ-આનંદ થાય;
હેમચંદ્રાચાર્યસૂરિને વાંદતા. આજ૦ ૧૦

બામણવાડા તીર્થમાં, ભેટ્યા પ્રભુ મહાવીર,
રચના 'સમેતશિખર'તણી, દીઠી નામી શિર;
વીર પ્રભુના ભવોભવના દર્શન થતાં.
આજ૦ ૧૧

શિરોહી, ઝાલોર ને, નાકોડાજી તીર્થ,
પ્રભુ પાર્શ્વને પૂજીયા, પૂજ્યા ભૈરવ વીર;
'સામાયિક-મંડળ' ભાવે ત્યાં ભાવના.
આજ૦ ૧૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાડમેર પહોંચી કરી, જીર્યા પાંચે ચૈત્ય,
ગુરૂણીજીને વાંદીયા, પ્રસન્નતા અમ ચિત્ત;
'મિત્ર-મંડળ'ની સેવા ત્યાં બીરદાવતા.
આજ૦ ૧૩

જેસલમેર પ્રવેશતાં, નાચ્યા આતમરામ,
દુર્ગ-મંદિરો દેખતાં, ધન્ય નામ ને ગામ;
જગજનો જ્યાં ભક્તિભાવે આવતા. આજ૦ ૧૪

'જેસલ'રાજે બાંધીયો, 'જેસલમેર'નો દુર્ગ,
ને જિન-ભક્તોએ રચ્યું, મંદિરોનું સ્વર્ગ;
કળા ને કૌશલ્ય દેખી દિલ ઠરે. આજ૦ ૧૫

જિનબિંબો અગણિત ત્યાં, પ્રસિદ્ધ જ્ઞાનભંડાર,
દર્શન, જ્ઞાન, ચારિત્રનાં, લાભો અપરંપાર;
જિનશાસનનો વિજય-વાવટો ફરકતો. આજ૦ ૧૬

પૂજન પ્રભુજીનાં કરી, નિરખ્યા જ્ઞાન ભંડાર,
શિલ્પ, સ્થાપત્ય ને કળા, અજોડ પ્રભુ દરબાર;
દેખી-પેખી દિલ અમારાં નાચતાં. આજ૦ ૧૭

પુરાણા તાડપત્રમાં, ગ્રંથો હસ્ત લિખિત,
રજત-સુવર્ણ ચિત્રાવલી, દેખી નાચ્યાં ચિત્ત;
સંસ્કૃતિ-સમૃદ્ધિનાં મૂલ આંકતા. આજ૦ ૧૮

લોદ્રવપુરના પાસજી, દિવ્ય, ભવ્ય ને શ્યામ,
કલ્પવૃક્ષ-તોરણ થકી, કલાતણું એ ધામ;
ધરણેન્દ્ર શો સર્પ ત્યાં ચોકી કરે. આજ૦ ૧૯

અમરસાગરનાં મંદિરો, કળા થકી અંકિત,
આદિનાથના દર્શને, સ્ફુર્યું મૌન સંગીત;
શિલ્પકળા નિરખીને નયનો નાચીયા. આજ૦ ૨૦

ફલોધીના પ્રાંગણે, પ્રભુજી દારશન કીધ,
ગુરૂવર્યને વાંદતાં, હર્ષ થયો અગણિત;
દેવ-ગુરૂ-ધર્મનો સમન્વય સાધતાં. આજ૦ ૨૧

તીર્થ ઓસિયાં આવતાં, વાંદ્યા પ્રભુ મહાવીર,
પ્રાચ્ય પુરાણા તીર્થને, પૂજો નામી શિર;
માસ્તરજીના સંસ્મરણો તાજા થતાં. આજ૦ ૨૨

કાપરડાજી તીર્થનું, ત્રિમાળી મંદિર,
નિરખી-પૂજી ભાવથી, આરોગી ત્યાં ક્ષીર;
જીર્ણોદ્ધારક નેમિસૂરિજીને વાંદતા. આજ૦ ૨૩

પાલી પ્રભુ દર્શન કરી, વરકાણા મુકામ,
ભાવી ભાવના ભાવથી, રટતો 'પારસ' નામ;
નાડોલ ને નાડલાઈ તીર્થો સ્પર્શતા.
આજ૦ ૨૪

મૂછાળા મહાવીર ને, ભેટી સાદડી તીર્થ,
ભાવ થકી દર્શન કરી, અર્પ્યા દિલના અર્ઘ્ય;
તીર્થે તીર્થ પરિણામો ચઢતા રહ્યા. આજ૦ ૨૫

કળા જ્યાં પથરાઈ છે, શિલ્પ જ્યાં ઉભરાય,
રાણકપુરમાં ઋષભની, પૂજા ભાવના થાય;
અજોડ એ મંદિરને પ્રેમે પ્રણમીએ.
આજ૦ ૨૬

રાજસમંદે પહોંચતા, દયાળશાનો દુર્ગ,
ચઢતા પરિણામે ચઢી, કર્યા કર્મના ચૂર્ણ;
દયાળશાના શુભ દાનને બિરદાવીએ.
આજ૦ ૨૭

ઉદયપુર નગરે જઈ, પૂજ્યા શ્રી પદ્મનાભ,
દર્શનીય સ્થાનો જોઈને, લીધો સૌએ લાભ;
સંસ્કૃતિ-સમૃદ્ધિ ત્યાં નિહાળતા. આજ૦ ૨૮

કેસરના ઢગલા થકી, પૂજ્યા ઋષભદેવ,
પારસનાથને પૂજીને, પામ્યા કુશળ ક્ષેમ;
કેસરીયાજી દાદા ફરી ફરી પૂજીએ. આજ૦ ૨૯

યાત્રાતણી અનુમોદના, ને યાત્રિકનું બહુમાન,
સંઘ-પૂજન કરવાં થકાં, સ્નેહ-મિલનના પાન;
ક્ષમા-મૈત્રી ને સહકાર વરસાવતા. આજ૦ ૩૦

નરોડામાં પાર્શ્વજી, ને પદ્માવતી દીઠ,
આવ્યા અમદાવાદમાં; દેવ દર્શન સૌ કીધ.
આચાર્ય ભગવંતને ત્યાં વાંદીયા. આજ૦ ૩૧

'તીરથ'ની યાત્રા થકી, આતમને ઉલ્લાસ,
પાલિતાણા પહોંચીયા, પામી પુન્ય ઉજાસ;
**'બાવીશી'** એ 'યાત્રા-બત્રીસી' રચી,
બત્રીશ (૩૨) તીર્થો કેરી યાત્રા પ્રમાણજો.
આજ૦ ૩૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બુદ્ધ ભગવાનનું મહા પરિનિર્વાણ

લેખક : ખીમચંદ ચાંપશી શાહ

[ આ લેખ સ્વ. શાહ સાહેબે તેમના મૃત્યુ દિન પહેલા એક માસ અગાઉ જેમ બને તેમ જલ્દી માસિકમાં લેવાની જિજ્ઞાસા બતાવી હતી. લેખ તો પ્રગટ થાય છે પણ તે જોવાનું તેમને માટે સર્જીત નહિ હોય અફસોસ. —તંત્રી ]

ભગવાન બુદ્ધે પોતાના જીવનનું છેલ્લું ચાતુર્માસ વૈશાલી પાસેના બેલુવા ગામમાં કર્યું હતું. આ ચાતુર્માસ દરમિયાન તેઓ જીવલેણ માંદગીમાં સપડાઈ ગયા હતા અને તેમને અસહ્ય પીડાઓ થતી હતી. પરંતુ આ માંદગી તથા પીડાઓ તેમણે દઢ મનોબળ વાપરી શાંતિપૂર્વક સહી લીધા હતા. પોતાના સાવધાની અને આત્મસંયમતાને જરા પણ શિથિલ થવા દીધા ન હતા અને પોતાની ચાલુ દિનચર્યામાં જરા પણ વિક્ષેપ પડવા દીધો ન હતો.

એક દિવસ તેઓ વિહારની બહાર વૃક્ષતળે જરા આરામપૂર્વક બેઠા હતા. તેટલામાં તેમની સાથે કાયમ રહેનારો અને તેમની સતત નિષ્ઠા અને ભાવપૂર્વક સેવા કરનારો તેમનો પ્રિય શિષ્ય ભિક્ષુ આનંદ ત્યાં આવી ચડ્યો. ભગવાનને સ્વસ્થતાપૂર્વક બેઠેલા જોઇ તે આનંદમાં આવી ગયો અને બોલ્યો કે, "ભગવાનની માંદગી દરમિયાન મને ખૂબ ચિંતા થતી હતી, છતાં એમ પણ લાગતું હતું કે સંઘને સંબંધિત બાબતો અંગે છેવટની સૂચનાઓ આપ્યા સિવાય ભગવાન નિર્વાણ લેશે નહીં."

ભગવાન બુદ્ધે જવાબમાં કહ્યું કે "આનંદ! સંઘ મારી પાસેથી કઇ વાત સમજી લેવાની અપેક્ષા રાખે છે? મેં ગોચર કે અગોચર એવી બધી બાબતોમાં મારો ધર્મ ખુલ્લો કરી બતાવ્યો છે. એમાં મેં મારી પાસે કોઇ પણ બાબતની ગુરુકૂંચી રાખી નથી. આનંદ! જેને ભિક્ષુ સમુદાયના નાયક થવાની અથવા સંઘ પોતાની ઉપર જ અવલંબીને રહે તેવી ઇચ્છા હોય, તે જ આવી કોઇ છેવટની વાત કહેવાની બાકી રાખે. મને આવી કોઇ પણ ઇચ્છા નથી, એટલે મેં શા માટે કોઈ પણ બાબત છેવટે કહેવા માટે બાકી રાખી હોય? આનંદ! હું હવે વૃદ્ધ અને પૂરા આયુષ્યવાળો થયો છું. મારી જીવનયાત્રાનો અંતિમ સમય આવી પહોંચ્યો છે. મને એંસી વર્ષ થયાં છે, અને હું ભાંગેલા ગાડા જેવો થઇ ગયો છું. મારૂં શરીર વધારે પડતી સંભાળ રાખીને ચાલુ રાખી શકાય તેમ છે. જ્યારે હું બહારના વિષયો છોડીને આંતર્ ધ્યાનમાં ઊતરી જાઉં છું, ત્યારે જ મારૂં શરીર શાંતિ અને સુખ અનુભવે છે. આનંદ! તો હવે તમે જ તમારો દીપ[1] બનો; તમે જ તમારૂં શરણ બનો. ધર્મને દીપ બનાવી તેને જ વળગી રહો; ધર્મને શરણ બનાવી તેને જ વળગી રહો. આ સિવાય અન્ય કોઇને તમે તમારો દીપ બનાવશો નહીં; તમારૂં શરણ બનાવશો નહીં. જે કોઈ ભિક્ષુ

૧. દીપ પ્રકાશ પ્રસારી સાચો માર્ગ દર્શાવે છે. અહીં આત્મામાં જ્ઞાનનો પ્રકાશ પ્રસારી અધ્યાત્મનો સાચો માર્ગ દર્શાવનાર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મારી હયાતી દરમિયાન કે મારા નિર્વાણ પછી પણ આ પ્રમાણે વર્તશે, તે જ ઉચ્ચતમ સ્થિતિ પ્રાપ્ત કરશે. "[2]

ચાતુર્માસ પૂરું થયા પછી ભ. બુદ્ધ કેટલાક દિવસો સુધી વૈશાલીનાં જુદાં જુદાં ચૈત્યોમાં રોકાયા, અને પછી ભિક્ષુસમુદાય સાથે કુસિનારા તરફ વિહાર શરૂ કર્યો. થોડે દૂર ગયા પછી પાછળ વૈશાલી તરફ દૃષ્ટિ નાંખી તેમણે આનંદને કહ્યું કે "તથાગતને વૈશાલીનું આ છેલ્લું દર્શન છે." આગળ વિહાર કરતાં કરતાં ભાંડગામ, હત્થિગામ, નંબગામ, જંબૂગામ, ભોગગામ વગેરે ગામોમાં થઈ તેઓ પાવામાં આવ્યા અને ચુંદ નામના લુહારના આમ્રવનમાં ઉતર્યા. ચુંદને ભગવાન આવ્યાના સમાચાર મળતાં જ તે તેમના દર્શને આવ્યો અને બીજે દિવસે ભિક્ષુ સમુદાય સાથે પોતાના ઘેર ભોજન માટે પધારવા ભગવાનને નિમંત્રણ આપ્યું. બુદ્ધે તે સ્વીકાર્યું.

આ બીજો દિવસ[3] ભ. બુદ્ધના જીવનનો અંતિમ દિન હતો. તે દિવસે મધ્યાહ્ન પહેલાં બુદ્ધ ભિક્ષુ સમુદાય સાથે ભોજન માટે ચુંદને ત્યાં ગયા. ચુંદે ભોજન માટે જાતજાતની વાનગીઓ તૈયાર કરાવી હતી તેમાંની 'સુકર મદ્દવ' નામની એક વાનગી જ્યારે સૌ પ્રથમ બુદ્ધને પીરસવામાં આવી, કે તરત જ બુદ્ધે કહ્યું કે "ચુંદ! હવે કોઈને આ વાનગી પીરસીશ નહીં. આને પચાવી શકે તેવો કોઇ મનુષ્ય મને આ જગતમાં દેખાતો નથી. માટે હવે બાકી રહેલો બધો ભાગ જમીનમાં ભંડારી દેજે."

ભોજન પછી પોતાના નિયમ અનુસાર બુદ્ધે ચુંદને ધર્મનો ઉપદેશ આપ્યો અને પછી પોતાનો વિહાર આગળ ચાલુ કર્યો. આ સમયે તેમને અતિસાર (મરડા)ની અસહ્ય પીડાઓ શરૂ થઈ. છતાં જરા પણ વ્યગ્ર બન્યા સિવાય તે પીડાઓ તેમણે સહન કરી લીધી, અને વિહાર ચાલુ રાખ્યો. રસ્તામાં પાણી પીવા માટે એક નાળા પાસે થોભ્યા. ત્યાંથી તે વખતે પુક્કસ નામનો મલ્લ જાતિનો એક મોટો વેપારી કુસિનારાથી પાવા જતાં પસાર થતો હતો. તેણે ભગવાનને જોયા એટલે તેમની પાસે આવી તેમને પ્રણામ કરી તેમની પાસે બેઠો. ભગવાને ઉપદેશ આપ્યો. તે મહા પ્રભાવિત બન્યો.

ભગવાને વિહાર શરૂ કર્યો. કકુ તથા નદી આવતાં ત્યાં હાથ, પગ, મોઢું વગેરે ધોઇ, નદી પાર કરી સામા કિનારે આવેલા એક આંબાવાડિયામાં આરામ માટે થોડોક સમય

---

૨. ભ. બુદ્ધની આ વાત સમજવા જેવી છે. તેમણે પોતાના કોઈ પણ શિષ્યને ધર્મના શાસન માટે પોતાનો ઉત્તરાધિકારી નીમ્યો ન હતો. પણ તેમણે જે ધર્મ કહ્યો છે તે ધર્મ ધ્યાનમાં રાખી દરેક વ્યક્તિએ પોતાને યોગ્ય લાગે તે પ્રમાણે વર્તવું એવો ઉપદેશ આપ્યો છે. કોઈને, ભલે તે ગમે તેટલો મહાન હોય તો પણ, ગુરુસ્થાને સ્થાપી તેને અંધ શ્રદ્ધાથી અનુસરવાની તેમણે ચોકખી ના પાડી છે. એક સ્થળે તેમણે એમ કહ્યું છે કે "હું બુદ્ધ થયેલ છું, તેટલા ખાતર તમે મને અનુસરશો નહીં, પણ મારો ઉપદેશ વિચાર કરતાં તમને યોગ્ય લાગે તો જ સ્વીકારશો." તેમણે આપેલા ત્રિશરણમાં બુદ્ધ, ધર્મ અને સંઘનું શરણ લેવાનું કહ્યું છે; પણ કોઇ ધર્મગુરુ કે અન્ય કોઈના શરણની હિમાયત કરી નથી.

૩. કેટલાકના મતે વૈશાખી પૂર્ણિમાનો દિવસ, પરંતુ આ મત બરાબર હોય તેમ લાગતું નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રોકાયા. આ વખતે ભગવાને આનંદને કહ્યું કે "આનંદ! ચુંદને ત્યાં ભોજન લીધા બાદ મને માંદગી શરૂ થઈ છે એટલે તેને દુ:ખ લાગવાનો પૂરો સંભવ છે. પણ તમે તેને એમ કહેજો કે 'ચુંદ! તું તારૂં મોટું સદ્ભાગ્ય સમજ કે તને તથાગતને છેવટની ભિક્ષા આપવાનો અલભ્ય લાભ મળ્યો છે. જે દિવસે તથાગત સંબોધિજ્ઞાન પ્રાપ્ત કરે છે અને જે દિવસે તે મહાપરિનિર્વાણ પામે છે, તે બે દિવસે તેમને આપેલી ભિક્ષા મહાફળદાયી અને મહાગુણકારી બને છે.' આ પ્રમાણે કહી તેના મનની શંકા તમે દૂર કરજો." પોતાના કારણે અન્યને જરા પણ દુ:ખ ન થાય તે માટેની અંતિમ સમયે પણ કેટલી બધી કાળજી!

થોડોક આરામ લીધા બાદ અહીંથી નીકળી હિરણ્યવતી નદી પાર કરી કુસિનારા ગામ પાસે પહોંચ્યા અને ત્યાંના રહેવાસી મલ્લોના શાલવન ઉદ્યાનમાં પ્રવેશ્યા. ત્યાં બે જોડાયેલા શાલ વૃક્ષો વચ્ચે બેઠક જેવું હતું, તેની ઉપર તેમની સૂચના અનુસાર બિછાનું તૈયાર કરતાં તે બિછાના ઉપર ભગવાન બુદ્ધ ઉત્તર તરફ મુખ રાખીને જમણે પડખે એક પગ ઉપર બીજો પગ મૂકીને આરામથી સૂતા. આ વખતે શાલવૃક્ષ ફાલ્યું હતું અને પુષ્પો ખેરવ્યાં કરતું હતું. અંતરિક્ષમાંથી પણ મંદારવ પુષ્પોની વૃષ્ટિ થતી હોય, ચંદનરજની વર્ષા થતી હોય અને ત્યાં દિવ્ય વાજિંત્રો વાગતાં હોય તેવો ભાસ થતો હતો. આ જોઈ આનંદે કહ્યું કે "પૂર્વે થઈ ગયેલા બુદ્ધોના અનુગામી બુદ્ધની ભક્તિ પૂજા માટે શાલવૃક્ષો પુષ્પવૃષ્ટિ કરી રહ્યાં છે, અંતરિક્ષમાંથી મંદારવ પુષ્પોની અને ચંદનરજની વર્ષા થઈ રહી છે, તથા ત્યાં દિવ્ય વાજિંત્રો વાગી રહ્યાં છે." બુદ્ધે ઉત્તર આપ્યો કે, "તથાગતનાં ભક્તિ, પૂજા, સન્માન માટેની આ રીત બરાબર નથી. પરંતુ જે ભિક્ષુ કે ભિક્ષુણી, શ્રાવક કે શ્રાવિકા તેમના માટે તથાગતે નિયત કરેલાં કર્તવ્યો સતત સાવધાનીપૂર્વક કરતા રહે છે, અને તથાગતે ઉપદેશેલો ધર્મનો માર્ગ યથાર્થ રીતે અનુસરે છે, તેઓ જ તથાગતનાં ભક્તિ, પૂજા, સન્માન કરે છે. તે માટેની આ જ સાચી રીત છે. આનંદ! તમે પણ આ રીતને જ અનુસરજો."

પછી આનંદે પૂછ્યું: "ભગવન્! ચાતુર્માસ પછી ચારે દિશાઓથી ભિક્ષુઓ આપના દર્શને આવતા. તે વખતે અમને બીજા સાધુ ભિક્ષુઓની ઓળખ થતી પણ હવે અમને તેમનાં દર્શન કેવી રીતે થશે?"

બુદ્ધે ઉત્તર આપ્યો: "તારા જેવા શ્રદ્ધાવાન માણસે મારા પરિનિર્વાણ પછી આ ચાર સ્થાનોનાં દર્શન લેવા યોગ્ય છે–(૧) જ્યાં તથાગત જન્મ્યા (૨) જ્યાં તથાગત સંબુદ્ધ થયા (૩) જ્યાં તથાગતે પ્રથમ ધર્મોપદેશ આપ્યો અને (૪) જ્યાં તથાગત પરિનિર્વાણ પામ્યા. આ ચાર સ્થાનોની યાત્રા કરતાં મનુષ્યને પુષ્કળ પુણ્ય પ્રાપ્ત થશે."[૪]

ત્યાર બાદ આનંદે પૂછ્યું કે "ભગવન્! સ્ત્રીઓ સાથે અમારે કેવું વર્તન રાખવું?"

---

૪. આ ચાર સ્થાનોની યાત્રા સંબંધમાં સમ્રાટ અશોક એક શિલાલેખમાં કહે છે કે "આવી ધર્મયાત્રામાં બ્રાહ્મણો, ભિક્ષુઓ અને વૃદ્ધોનાં દર્શન થાય છે, તેમને દાન આપી શકાય છે, વળી લોકોની સાથે મેળાપ થાય છે, તેમને ધર્મોપદેશ પણ અપાય છે. તેથી જૂની વિહારયાત્રાના બદલે આ ધર્મયાત્રા રાજાને અધિક પસંદ છે."



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બુદ્ધે ઉત્તર આપ્યો કે "બને ત્યાં સુધી સ્ત્રીઓની સાથે તમારે પ્રસંગ પાડવો નહીં, પણ જો પ્રસંગ પડે તો સ્મૃતિ જાગ્રત રાખીને સાવધાનીપૂર્વક વર્તન કરવું."[૫]

વળી આનંદે પૂછયું કે "ભગવન્! પરિનિર્વાણ પછી અમારે આપના દેહની શી વ્યવસ્થા કરવી? બુદ્ધે જવાબ આપ્યો કે, "આનંદ! તથાગતના પરિનિર્વાણ પછી તેના દેહનું સન્માન કરવાની ભાંજગડમાં પડીને તમે તમારા સાધનાકાર્યમાં વિક્ષેપ પડવા દેશો નહીં, પરંતુ સાવધાનીપૂર્વક, ઉત્સાહપૂર્વક, ઉદ્યમપૂર્વક તમારા કલ્યાણના કાર્યમાં લાગી જજો. તથાગતના અનુયાયી સમુદાયમાં રાજાઓ, બ્રાહ્મણો અને અન્ય ગૃહસ્થીઓ છે. તે તથાગતના દેહની સન્માનપૂર્વક યોગ્ય વિધિ કરશે."

આ સમયે આનંદ વનમાં એક બાજુએ ગયો. 'અરેરે! હું તો હજી શિખાઉ અવસ્થામાં છું. મારે મારો ઉદ્ધાર સાધવાનો બાકી છે, અને ભગવાન તો દેહમુક્ત થવાની તૈયારીમાં છે. મારૂં શું થશે?" એમ વિચારી રડવા લાગ્યો. તેને બોલાવીને બુદ્ધે કહ્યું: "રડ મા, આનંદ! શોક ન કર. સર્વ પ્રિય વસ્તુથી આપણો વિયોગ થશે તેમ મેં અગાઉ કહ્યું નથી? વસ્તુના જન્મની સાથે જ તેમાં તેના વિનાશનાં બીજ પણ સુષુપ્ત રહેલાં હોય છે; તો પછી, જે વસ્તુ જન્મ પામી છે, તેનો નાશ ન થવા દેવો તે શું શક્ય છે? તેં તથાગતની મન, વચન અને કાયાથી ભક્તિભાવપૂર્વક સેવા કરી છે. જો તું પ્રયત્ન કરીશ, તો થોડા જ સમયમાં અર્હત્ પદ પામીશ."[૬]

ભ. બુદ્ધ પરિનિર્વાણ પામવાના છે એ સમાચાર કુસિનારામાં પહોંચતાં જ ત્યાંના મલ્લો સ્રીપુત્રાદિકને લઇને ભગવાનના અંતિમ દર્શન માટે શાલવનમાં દોડી આવ્યા. પ્રત્યેક મલ્લ સ્રીપુરુષને તેમનાં નોકરચાકર સહિત વારાફરતી દર્શન કરાવવા માટે પૂરતો સમય ન હતો. એટલે આનંદે મલ્લકુળોમાંના મુખ્યમુખ્ય મલ્લને બુદ્ધ પાસે લાવી નમસ્કાર કરાવ્યા, અને "ભગવન્! આ અમુક મલ્લ પોતાની સ્ત્રીઓ, બાળકો, સંબંધીઓ, નોકરચાકર સહિત આપને નમસ્કાર કરે છે' એમ કહી બુદ્ધને તેમની ઓળખ કરાવી.

આ સમયે સુભદ્ર નામનો એક પરિવ્રાજક પણ આવ્યો. તેને કેટલીક શંકાઓ હતી. તે બુદ્ધનો અનુયાયી ન હતો, પણ તેને લાગ્યું હતું કે સમણ ગૌતમ તેની શંકાઓનું નિરસન કરશે. એટલે તેણે આનંદ પાસે જઇને કહ્યું કે "આનંદ! તથાગતનો જન્મ આ લોકમાં ક્વચિત્ જ થાય છે. મેં સાંભળ્યું છે કે આજ રાત્રે સમણ ગૌતમનું દેહાવસાન થવાનું છે. તો જે કાંઇ કહેવાનું હોય, તે ટૂંકામાં કહીને તેઓ મારી શંકાઓનું નિરાકરણ કરશે?" આનંદે જવાબ આપ્યો કે "સુભદ્ર! અત્યારે તું તથાગતને ત્રાસ ન આપ. તથાગત તદ્દન થાકી ગયા છે."

---

૫. બુદ્ધે પોતાના ધર્મનું રહસ્ય પુરૂષો પ્રમાણે જ સ્ત્રીઓ માટે પણ સમજવું શક્ય છે અને સ્ત્રીઓને ધર્મનો સાક્ષાત્કાર થઈ શકે છે એ સ્વીકાર્યું હતું અને સ્ત્રીઓને દીક્ષા આપી હતી. પરંતુ ભિક્ષુ અને ભિક્ષુણીઓના પરસ્પર સંપર્ક બાબતમાં તેઓ હંમેશ સચિંત રહેતા.

૬. નિર્વાણમાર્ગની ચાર પાયરીઓ છે–સોતાપન્ન, સકદાગામી, અનાગામી અને અર્હત્. આનંદ હજી પહેલી સોતાપન્નની પાયરીએ હતો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભ. બુદ્ધ આનંદ અને સુભદ્રનો આ વાર્તાલાપ સાંભળતા હતા. તે બોલ્યા કે "આનંદ! તું સુભદ્રને ન અટકાવ. તેને તથાગતના દર્શન કરવા દે. તે મને ત્રાસ આપવાના હેતુથી નહીં, પણ પોતાને બોધ થાય તેવી જિજ્ઞાસાવૃત્તિથી પ્રશ્નો પૂછનાર છે. એટલે તે મારા કથનનો ભાવાર્થ તરત જ સમજી જશે." આથી આનંદે સુભદ્રને બુદ્ધ પાસે જવાની છૂટ આપી.

બુદ્ધે પોતાના ધર્મનો ઉપદેશ આપ્યો. આથી પ્રભાવિત બની સુભદ્રે પોતાને તેમના ધર્મમાં દીક્ષા આપવાની બુદ્ધને વિનતિ કરી. બુદ્ધે કહ્યું કે "અન્ય પંથના અનુયાયીને અમારા ધર્મમાં દીક્ષા આપતાં પહેલાં અમે તેને એક ભિક્ષુ પાસે રાખીએ છીએ. ચાર માસ પછી જો તેની વર્તણુંક યોગ્ય જણાય, તો જ તેને અમે દીક્ષા આપીએ છીએ." સુભદ્રે આ શરત સ્વીકારી. એટલે બુદ્ધે તેને આનંદને સોંપ્યો, અને યોગ્ય સમય પછી યોગ્ય જણાય તો તેને વિધિપૂર્વક દીક્ષા આપવાની સૂચના કરી.

ત્યાર પછી બુદ્ધે આનંદને કહ્યું કે, "મારા ધર્મપંથમાં મારા દેહાવસાન પછી કોઈ શાસ્તા (શાસન કરનાર ધર્મગુરુ) રહ્યો નથી એમ તમને લાગવાનો સંભવ છે, પણ આનંદ! મારી ગેરહાજરીમાં મેં જે ધર્મ અને વિનય તમને શીખવ્યા છે, તે જ તમારો શાસ્તા થશે." વળી ભિક્ષુગણને સંબોધીને તેમણે કહ્યું કે, "ભિક્ષુઓ! બુદ્ધ ધર્મ, અષ્ટાંગિક માર્ગ કે વિનય સંબંધમાં કોઈને કાંઈ શંકા કે અંદેશો હોય, તો તેણે અત્યારે તેનો ખુલાસો પૂછી લેવો." કોઈએ કાંઈ પૂછ્યું નહીં. એટલે બુદ્ધ બોલ્યા કે: "હે ભિક્ષુઓ! હું તમને કહું છું કે સર્વ સંસ્કારો[૭] વ્યયધર્મી છે, માટે સાવધાનીથી વર્તો."

આ જ હતા તથાગતના છેવટના શબ્દો.

આ શબ્દો બોલ્યા પછી ભગવાન બુદ્ધ ધ્યાનસ્થ થયા અને સમાધિની જુદી જુદી પાયરીઓમાં થઈ છેવટે રાત્રિના ચોથા પહોરના પ્રારંભે પરિનિર્વાણ પામી ગયા.

આ વેળાએ અનુરુદ્ધ બોલ્યો કે "સર્વ પ્રકારની તૃષ્ણાઓથી રહિત શાંત ચિત્તવાળા આ મુનિના શ્વાસ નિશ્વાસની યે ખબર પડી નહીં. પોતાના આયુષ્યની મર્યાદા પૂરી થતાં સર્વ પ્રકારની વેદના ધીરજથી સહન કરી જરા પણ વ્યગ્ર બન્યા સિવાય પરિનિર્વાણ પામી ગયા. જેમ ઝગમગતો દીપક તેલ ખૂટવાથી બૂઝાઈ જાય છે, તેમ આયુષ્ય પૂરું થતાં તેઓ બંધનમાંથી વિમુક્ત થઈ ગયા."

કેવું ભવ્ય મૃત્યુ! ખરેખર તેમને લઈ જતાં મૃત્યુએ પણ ગૌરવ અનુભવ્યું હશે!

આવા જ મહાપુરુષો માટે કવિ નરસીંહરાવે ગાયું છે કે—

"મૃત્યુ મરી ગયું રે લોલ!"

卐 महापरिनिव्वाणसूत्तम् ઉપરથી.

---

૭. સંસ્કારો (પાલિમાં **संखारा**) એ બૌદ્ધ પારિભાષિક શબ્દ છે. 'ધર્મ' શબ્દની જેમ તેના જુદા જુદા અનેક અર્થો છે, જે ભૌતિક અને આધ્યાત્મિક તત્ત્વો ભેગાં મળીને જડ કે ચેતન વસ્તુનું નિર્માણ કરે છે તે તત્ત્વો–એવો અર્થ અહીં વિવક્ષિત છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મ ભ્રાન્તિ

લેખક : **રતિલાલ માણેકચંદ શાહ**

વીતરાગ ભગવંતોને આપણે તરણ-તારણ હાર શા માટે કહીએ છીએ ? તેનું કારણ એ છે કે, પોતે તર્યા અને બીજાઓના પથ પ્રદર્શક બન્યા. એટલે કે પોતે તો તર્યા અને અન્યને તરવાનો રાહ બતાવ્યો. તરવાનો માર્ગ બતાવતા તેઓએ કહ્યું કે, હે જીવો ! ચાર ગતિ અને ચોર્યાસી લાખ યોનિમાં ચરમોત્કર્ષ ગતિ હોય તો તે મનુષ્ય ગતિ છે. એક તો મનુષ્ય ભવ મળવો અત્યત દુર્લભ છે, તેમાં પણ આર્યભૂમિ, સુધર્મ, સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રો મળવા તે પણ અતિ દુર્લભ છે. મહા પુણ્યરાશી એકઠી થઈ હોય ત્યારે જ તે પ્રાપ્ય બને છે. માનવ જીવનના મૂલ્ય સવિશેષ કિંમતી છે, કારણ કે તેને વિશેષમાં બુદ્ધિ મળેલી છે એટલે તે સત્ય-અસત્યનો નિર્ણય કરી શકે છે; અને ભીતરમાં રહેલા ભગવાનની ઓળખ કરી તેની અંશે અનુભૂતિ કરી સમકિતનો આવિષ્કાર કરી શકે તેમ છે અને પુરુષાર્થ તેમજ વીર્યને તે તરફ ફેરવતા છેવટે પોતે પરમાત્મા બની શકે છે.

પ્રત્યેક આત્મા સ્વતંત્ર સુખને વાંછે છે, તે સ્વતંત્ર સુખ કેવળ પરમાત્મદશામાં જ પમાય છે. પરમાત્મ દશાનું સુખ સ્વતંત્ર, ભયરહિત, નિત્ય અને સ્વાભાવિક છે. જ્યારે પંચેન્દ્રિયનું સુખ પરતંત્ર, અન્યની અપેક્ષાવાળું એટલે કે પરતંત્ર અને દુઃખપ્રદ છે. ક્ષણિક, તુચ્છ અને પરાધિન વિષયોના સુખો પાછળ આ જીવ અનાદિ કાળથી પાગલ બની ઘૂમ્યો છે. આહાર સંજ્ઞા, ભય સંજ્ઞા, મૈથુન સંજ્ઞા અને પરિગ્રહ સંજ્ઞાને પોષવી, ઇન્દ્રિયોને સાનુકૂળ વિષયોના સુખ પ્રાપ્ત કરવા અને તેની પાછળ આંધળી દોટ મૂકવી તે સાચેસાચ દુઃખપ્રદ છે વિભાવ દશામાં આળોટતો જીવ રતિ અને રાગમાં લીન બની જાય છે અને મનને ન ગમતા પ્રતિકૂળ સંયોગોમાં આર્ત્ત તેમજ રૌદ્રધ્યાન થાય છે. અંતરની મલીન વૃત્તિઓને રોકવાથી આત્મા ઉર્ધ્વગતિને પામે છે અને મલીન વૃત્તિઓને પોષવાથી સંસારમાં ખૂંચતો જાય છે, જો કે આત્માનો ગુણ તો ઉર્ધ્વગતિ તરફ ગમન કરવાનો જ છે. જીવની અવળી ચાલ આકૂળતા-વ્યાકૂળતાનો આવિર્ભાવ કરે છે અને નવા નવા બંધનો ઉભા કરે છે. માટે વીતરાગ ભગવંતોએ કહ્યું છે કે, પ્રથમ વિભાવદશાને વિલીન કરી, સ્વભાવદશા તરફ દષ્ટિ કરો.

આપણા આત્માના મૂળ ગુણો તો અખંડ આનંદ-જ્ઞાન અને સુખ છે તેમજ જ્ઞાન-દર્શન અને ચારિત્ર છે, પરંતુ વિભાવ દશામાં ખૂંપેલો આત્મા પરવસ્તુ પર મમત્વભાવ કરી વિષય-કષાયોમાં મસ્ત બની મહાલે છે અને પોતાનામાં રહેલા સ્વગુણો તરફ દષ્ટિ દોડાવતો નથી; સ્વગુણોથી છલોછલ એવો આત્મા વિભ્રમમાં પડી પોતાને જ ભૂલી જાય છે અને પરવસ્તુમાં તદ્રૂપ બની જાય છે. જેમકે કસ્તુરી મૃગ કસ્તુરીની સુવાસમાં તદાકાર બની તે મેળવવા માથા પછાડી મરે છે, અને પોતાના જ ડુંટીમાં રહેલી કસ્તુરી મેળવી શકતો નથી, કારણ કે તેને ખબર નથી કે કસ્તુરી તો મારી પાસે જ છે, તેને બહાર કાં શોધું ? અજ્ઞાનતાની આંધીમાં અટવાઈ પોતાનો જાન ખોઇ નાંખે છે. કસ્તુરી મૃગની જેમ આપણા આત્માનું અજ્ઞાન જ્યાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુધી લુપ્ત થશે નહિ ત્યાં સુધી આપણે પ્રભુએ ચીંધ્યા માર્ગે આગળ વધી શકીશું નહિ

વીતરાગ ભગવતે કહ્યું છે કે હે માનવી ! પ્રમાદ ન સેવ, માનવ જીવનની એક એક ક્ષણ અમૂલ્ય છે; કારણ કે વ્યતીત થયેલી ક્ષણ જીવનમાં કદી પાછી આવતી નથી અને આપણને મનુષ્ય જન્મ મળ્યો છે, મોક્ષ પ્રાદુર્ભૂત કરવા માટે. હવે જો આપણે પ્રમાદમાં આળોટી મનુષ્ય જન્મને વેડફી નાંખીએ તો પછી આપણા જેવો બીજો મૂર્ખ કોણ હોઈ શકે? જે જે આત્માઓએ મોક્ષનો આવિષ્કાર કરેલો છે તેઓ અલૌકિક અને અનુપમ સુખને પામેલા છે. તે સુખ કદી પણ વિલીન થતું જ નથી. મોક્ષ સુખની એક ક્ષણની કિંમત એટલી મહાન છે કે ત્રણે લોકના સુખ એકઠાં કરો છતાં, તે બરાબરી કરી શકે નહિ. સંસારનું સુખ તો ક્ષણિક છે, તે તો કલ્પનાની જાળ છે, વિનાશક છે, તેને સાચું સુખ કહી જ ન શકાય, તે તો સુખાભાસ છે. તેની પાછળ આપણી આંધળી દોટ છે અને જ્યાં અક્ષય-અખંડ સુખ રહેલું છે તે તરફ વિભ્રમને કારણે દૃષ્ટિ પણ દેતા નથી. આ આપણી કેવી ભયંકર ભૂલ છે? સાચું છે તેને અપનાવતા નથી અને ખોટાને પકડવા પ્રયત્નશીલ રહીએ છીએ

આપણે એમ ન માની લેવું જોઇએ કે મનુષ્યભવ મોજ-શોખ, એશ-આરામ, અમન-ચમન, વિષય-કષાયો ભોગવવા માટે મળેલ છે; તે તો જીવની અવળી ચાલ છે અને નારકી-નિગોદમાં ફેંકી દેનાર છે, સંસારમાં પરિભ્રમણ કરાવનાર છે; ભવાટવીમાં ભમાવનાર છે, દુઃખ-પ્રદ છે. જેના હૃદયફલક પર વીતરાગ ભગવંતોએ કહેલી વાત આળોટતી હોય છે; તત્ત્વની વાત જેમ ભગવંતે કહી છે તેમ સમજ્યો છે અને અમલમાં મુકેલ છે, તેવા આત્માની એક ક્ષણ આત્માની અનુભૂતિમાં ખરચાય છે. તે સમજતો હોય છે કે આ મનુષ્યજન્મમાં આવ્યા બાદ જો ખાસ કાંઇ પણ કરવા જેવું હોય તો તે એક આત્મસાધના જ છે. જ્યારે જીવનની પ્રત્યેક ક્ષણ આત્મરમણતા કરવામાં વપરાશે ત્યારે એવા આનંદનો અનુભવ થશે કે જે આનંદ ચક્રવર્તી પણ ભોગવી શકે નહિ. પરંતુ હજુ સુધી આપણે એવો આનંદ કેમ અનુભવી શકયા નથી? તેનું કારણ એ છે કે, અનાદિકાળથી આપણો આત્મા વિભાવદશામાં ગુમરાહી બની ગયો છે, પરઘરને પોતાનું માની રહ્યો છે, હજુ સુધી તેને સ્વઘરની સમજ પડી નથી, સ્વસ્વરૂપને પિછાણ્યું નથી, તેની અનુ-ભૂતિ કરી નથી. સ્વઘરને ભૂલીને પરઘરમાં આથડવું એટલે સ્વસ્વરૂપને ભૂલીને વિભાવ-દશામાં ભટકવું, જેને અજ્ઞાનદશા કહેવામાં આવે છે, મિથ્યાત્વ કહેવામાં આવે છે. એવી દશા જ્યાં સુધી આપણામાં પ્રવર્તમાન છે, ત્યાં સુધી મોક્ષ મેળવવાનો ઉપાય આચરી શકાતો નથી, પૂર્ણતાના પથ પર પગ મુકી શકાતા નથી. આત્માનું મૂળ સ્થળ જો કોઇ હોય તો તે મોક્ષ છે, એ સિવાય બધું જ પરાયું છે. કારણ કે તેત્રીસ સાગરોપમના સ્વર્ગના સુખો ભોગવનાર દેવો પણ તે ઘરને છોડે છે, કારણ કે તે પરાયું છે. જ્યારે મોક્ષ એ આત્માનું સ્વઘર છે, ત્યાં ગયા બાદ કેવળ સુખ અને આનંદ અને કેવળજ્ઞાન જ છે. તે અક્ષય છે, એટલે તે પરિસ્થિતિમાં આત્મા કાયમ માટે રહે છે. તેને સંસારમાં પાછું આવન-જાવન કરવાનું રહેતું જ નથી, તે આત્મા અખંડ આનંદ સુખમાં નિમગ્ન રહે છે. મોક્ષ એટલે કેવળ સુખ-આનંદ અને સંસાર એટલે કેવળ દુઃખનું સરોવર. આપણો આત્મા અનાદિકાળથી વિભ્રમદશામાં આળોટતો હોવાથી કેવળ દુઃખના દરિયામાં ડુબકીઓ માર્યા જ કરે છે, માર્યા જ કરે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કર્મ અવલોકન

(લેખક : શાસ્ત્રી રમેશ.લાલજી ગાલા)

**કર્મ શબ્દ "કૃ" ધાતુમાંથી ઉદ્‌ભવેલ છે. મનથી, વચનથી, કાયાથી જે કાર્યો કરાય તે સર્વ કર્મ કહેવાય. દરેક કર્મની વ્યક્તિ અને સમષ્ટિ પર અસર થાય છે. શુભ કર્મનું ફળ શુભ હોય છે, અને અશુભ (પાપ) કર્મનું ફળ ખરાબ મળે છે એ નિશ્ચિત વાત છે. ખરાબ કર્મ કરીએ તો ચિત્ત બગડે છે અને સત્ય સમજવા માટે બુદ્ધિનો પણ નાશ થાય છે.**

સત્વ. રજ અને તમો ગુણોનું મિશ્રણ દરેક પદાર્થમાં સમાયેલું છે. મનુષ્યને આપણે ગુણોની પ્રાધાન્યતાથી જ સાત્વિક, રાજસિક અને તામસિક ગણીએ છીએ. પ્રકૃતિમાં આ ત્રણેય ગુણો સામ્ય અવસ્થામાં રહે છે, અને વિકૃતિમાં વિષમ અવસ્થામાં દેખાય છે. જે કોઈ કર્મમાં રહેલા મિશ્રણ ગુણોનું અવલોકન કરે છે તે કદી દુઃખી થતો નથી. આ સંસાર વિષમય છે કે જેના ફળ ચાખવાથી કડવા જ લાગે છે. સુખ અને દુઃખ કર્માધીન હોય છે. જે કર્મથી આપણને સુખની પ્રાપ્તિ થાય છે, તે શુભ કર્મ અને જેનાથી દુઃખ ઉત્પન્ન થાય છે તે અશુભ કર્મની કરણી કહેવાય છે.

જ્યારે સત્વ, રજ અને તમ આ ત્રણ ગુણોને આપણે પ્રાપ્ત કરી લઈએ ત્યારે નિત્યાનંદની પ્રાપ્તિ આપમેળે પ્રાપ્ત થાય છે આપણે જે કાંઈ કરીએ છીએ તેમાં કાંઈને કાંઈ તત્વ તો હોય જ છે. આ તત્વ પણ ઉચ્ચતમ અને સ્વાર્થી પણ હોય છે. જે કર્મમાં ઉચ્ચતમ તત્વ રહેલું છે તે ઉચ્ચ ગતિ અને જેમાં સ્વાર્થીપણું રહેલું હોય છે તે નીચ ગતિને પામે છે. નીચ ગતિમાં જવાથી સુખની આશા રાખી શકાતી નથી. જે જીવ નીચગતિમાં ગયો તેને સતત દુઃખનાં દિવસો જ આવ્યા કરે છે. તેમાંથી છુટવાને તે ઘણો જ પ્રયાસ કરે છે પણ કર્માધીન હોવાથી છુટી શકાતું નથી. જ્યારે ઉચ્ચ ગતિવાળો સુખ જ જુએ છે, એને કદિ દુઃખ આવતું જ નથી. આમ સુખ અને દુઃખ પણ કર્માધીન છે. પૂર્વે કરેલા અશુભ કર્મોને લીધે આ ભવે પણ અશુભ કર્મોનો આશ્રવ થયા કરે છે. જેને લીધે જીવ રિબાતો રિબાતો આયુ પુરૂં કરે છે.

શાસ્ત્રોમાં સર્વ વાસનાઓનું વર્ગીકરણ–લોકૈષણા, વિતૈષણા અને પુત્રૈષણામાં કરવામાં આવ્યું છે. વાસનાથી જ મન સર્વ પ્રકારની પ્રવૃત્તિમાં પડે છે. કર્મયોગમાં કહ્યું છે કે આત્માને શારીરિક અને માનસિક પદાર્થોથી અલગ પાડવો આત્માને આનંદ માટે કોઇની પણ જરૂર નથી, તે હમેશા બધા પદાર્થોથી અલગ હોય છે. આત્માને સુખ આપવા કોઈ પણ પદાર્થની જરૂર પડે છે ત્યાં સુધી આપણે ગુલામ છીએ. નિષ્કામ કર્મ ક્યારે પણ નિષ્ફળ થતું નથી, તેનાથી મનની શુદ્ધિ થાય છે, એટલું જ નહિ પણ તેનાથી અભિમાનનો ક્ષય થાય છે. માનસિક વાસનાઓને કારણે આપણને સ્વપ્નમાં પણ સુખ મળતું નથી. વાસના અને શાંતિ એ એક બીજાથી વિરોધી છે. આ કાર્ય મે કર્યું છે એટલે મને આનો બદલો મળવાનો જ છે, આવી ખોટી ભ્રમણાથી ઊલટું અશાંતિ જ પેદા થાય છે અને આત્માનું કર્મોથી બંધન થાય છે. જો આપણે નિઃસ્વાર્થભાવે સેવા કરશું તો તેનું ફળ તેવું મળશે અને સ્વાર્થ જોઈ તેવું કામ કરશું તો તેનું ફળ પણ તેના જેવું જ હશે. વિદ્યાર્થી પોતાના અભ્યાસ માટે જેવી મહેનત કરશે તેનું ફળ તેને વાર્ષિક પરિક્ષામાં મળવાનું જ છે, ત્યારે કરેલી મહેનતનું ફળ પોતાને જ ખબર હોય છે, નહિ કે નિરીક્ષક કે પરીક્ષકને. તેવું આત્માનું પણ હોય છે.

આપણે દુ ખનું નિવારણ કરવું હોય તો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શાંત અને પ્રસન્નતાથી કાર્ય કરવા, જેથી કરેલા કામ નિષ્ફળ ન જાય આ કાર્ય મેં કર્યું છે, તેનું ફળ મને મળશે વગેરે સંશયો રાખવા જ નહિ અથવા આનું ફળ મને મળશે કે નહિ એવી વિચારણા પણ ન કરવી. ધીરજના ફળ મીઠા, માટે જ ધૈર્યથી મહેનત કરવી. પ્રાણીમાત્ર તરફ પ્રેમ રાખવો. આત્મા એક જ છે એવા દૃઢ વિચારવા યોગ્ય કામ કરવા. આપણા હાથમાં ગમે તેવું (નાનું કે મોટું) કાર્ય હોય તો પણ તેને એકાગ્રતાથી પુરૂં કરવું. જે કર્મ આપણે કરીએ છીએ તે પાવનકારી છે જે કર્મ આત્માને ઈશ્વરની બાજુમાં લઇ જાય છે તે કર્મ ઈશ્વર ભક્તિ કહેવાય છે મનુષ્ય જે કાર્ય કરે છે તે શા માટે ? કયા હેતુથી ? તે લક્ષમાં રાખવું જોઇએ. ચિત્ત ભમે એવા કાર્યોથી હંમેશા દૂર રહેવામાં જ ફાયદો હોય છે.

મહાન કાર્યોને ગતિમાં મુકનાર શક્તિ શરૂઆતમાં અવ્યક્ત જ હોય છે. મનુષ્યના સ્વભાવની શોધ કરવી હોય તો તેના હમેશનાં કર્મો તરફ ધ્યાન રાખવું. ચિત્તનું સમત્વ જાળવી રાખે તેને જ મહાન પુરુષ કહેવાય. ચિત્તને પ્રેમથી વિશાળ કરવાથી તથા એકાગ્રતા કેળવવાથી મન સાત્ત્વિક થાય છે હું મન અને શરીરથી અલગ છું, એવા વિચારોથી જે ભરપુર છે તે જ મુક્તિગમન માટે યોગ્ય થાય છે.

શક્તિ મુજબ સેવા કરવી, નિર્મળ પ્રેમ રાખવો, સર્વનું કલ્યાણ થાય એવા કાર્યો કરવા, જ્ઞાન, સત્તા અને ધનનો ઉપયોગ પરોપકારથી કરવો. જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મોથી આત્મા લાખ યોનિમાં ભટકે છે. તો આ સર્વ કર્મોને બાળવા–ચુરેચુરા કરવા સર્વ પ્રત્યે દયા ભાવ રાખી, મારો આત્મા છે તેવો જ બીજાનો આત્મા છે તેવા વિચારોથી આત્માને નિર્મળ કરી જન્મ મરણના ફેરાથી બચી સાક્ષાત્ સુખ મેળવી સાથે બીજાના પણ આત્માનું કલ્યાણ થાય એવા કાર્યો હંમેશા કરવા જોઈએ. 卐

## સત્સુખ અંતરમાં છે

નકામો સમય ગાળવાથી પાછળથી પશ્ચાતાપપાત્ર બનવું પડે છે. સમયની કિંમત નથી. સમયની અમૂલ્યતા સમજ્યા વિના જીવ ચેતી શકતો નથી. ફોગટ ગપ્પા માગવાથી મહત્તા પ્રાપ્ત થતી નથી. ધર્મકાર્યમાં જ સ્વજીવનની સાફલ્યતા ઉત્તમ પુરુષો સમજે છે. કોઈની આજીજી નહિ કરતાં પ્રમાણિકપણાથી આત્મોન્નતિ કરવામાં પ્રયત્નશીલ થવું. વક્તાના હૃદયનો મર્મ જાણ્યાથી સુજ્ઞપણું પ્રાપ્ત થાય છે. વક્તાનું હૃદય અવગાહવામાં પરીક્ષકની હુશિયારી છે. વક્તા અને શ્રોતાનાં હૃદય ભિન્ન હોય તો મર્માસ્વાદ ચખાતો નથી. શ્રોતાનાં હૃદય પ્રકાશવામાં વક્તાની હુશિયારી છે. સર્વ જ્ઞાનમાં અનુભવજ્ઞાન ઉત્તમ છે જ્ઞાનીનું હૃદય ભવ્ય જીવોને ઉત્તમ પ્રકાશ આપે છે. જ્ઞાનીના હૃદયનું અવગાહન થવું દુર્લભ છે. મનુષ્ય ક્ષણે ક્ષણે નવું શીખે છે. પોતાની ઉત્તમતા અન્યને દેખાડવા કરતાં પોતાના આત્માને દેખાડવો તેમાં જ કાર્યદક્ષતા છે. વક્તાના વચન પર શ્રદ્ધા થયા વિના ભક્તિભાવ ઉત્પન્ન થતો નથી. વિચાર, ઉચ્ચાર અને આચાર એ ત્રણ વસ્તુ એક સ્થાને હોય તો પૂર્ણ ભાગ્યનું ચિહ્ન જાણવું. નીતિધર્મનું સ્વરૂપ વીતરાગ પ્રભુએ યથાર્થ કહ્યું છે. વિનય ભક્તિ વિના આત્મશક્તિ ખીલતી નથી. હે ગૌતમ ! સમય માત્ર પણ પ્રમાદ ન કર, આ વાક્યની ઉત્તમતા પુનઃ પુનઃ વિચારવા યોગ્ય છે.

આધ્યાતિમ જ્ઞાનવાળું જીવન સત્યસુખ આપે છે. કવિ અને ધ્યાની ચિત્તની એકાગ્રતાથી કાર્યસિદ્ધ કરે છે. શ્રી વીરપ્રભુએ આત્મશક્તિનું અદ્‌ભુત સ્વરૂપ ઉપદેશ્યું છે, પણ સમજ્યા વિના અંતરમાં અંધારૂં છે. આત્મસ્વરૂપ–રમણતામાં ચિત્તવૃત્તિ વિશ્રાંત થતાં સહજાનંદની ખુમારી પ્રગટે છે. ઉપાદેય બુદ્ધિ અને ઉપાદેયનું આચરણ મહાદુર્લભ છે. હેય, જ્ઞેય અને ઉપાદેયનું યથાર્થ સ્વરૂપ સમજવાથી સત્યવિવેક પ્રગટે છે શબ્દ, જ્ઞાન અને વસ્તુ એ ત્રણ પ્રકારના પદાર્થ છે, જ્ઞાનરૂપ અગ્નિ સર્વ કર્મ બાળીને ભસ્મ કરે છે. ખરેખર સત્સુખ અંતરમાં છે.

—આચાર્ય બુદ્ધિસાગરસૂરી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર સંચય



## બેન શ્રી મંજુલાબેનનો દિક્ષા મહોત્સવ

ભાવનગર કૃષ્ણનગરમાં વસતા શેઠશ્રી ભગવાનલાલ ગોપાળજી કાથાવાળાની પૌત્રી ચિ. મંજુલાબેન મણીલાલને બાલ્યવયમાં સંસાર ઉપરથી રાગ ઘટવા લાગ્યો.

પૂ. સાધ્વીજી જ્ઞાનશ્રીજી મહારાજ સાહેબના કૃષ્ણનગરના ઉપાશ્રયમાં ઉપરાઉપરી ત્રણ ચાતુર્માસ થયા અને તેમના સત્સમાગમમાં બેન મંજુલાબેન આવતાં તેમણે જ્ઞાન અને ત્યાગમાં સારી એવી પ્રગતી સાધી.

લગભગ ૧ વર્ષથી દીક્ષા લેવાની પ્રબળ ભાવના વડીલો સમક્ષ મક્કમ મને રજુ કરી. વડીલો વિચારવંત અને શ્રદ્ધાળુ હતા. બહોળું કુટુંબ, સૌએ અનુમતી દર્શાવી.

કર્મ સંજોગે તેમના કાકા શ્રી શાંતીલાલભાઇની તબીયત બગડી અને તબીયત સુધરે એ પછી દીક્ષા આપવાનું વડીલો વિચારતા હતા. દરમ્યાન તબીયત સુધરવાના ચીન્હો દેખાતાં બંધ થયા. સૌએ મળી વિચાર કર્યો કે સારા કામમાં ઢીલ કરવી નથી અને ઝડપથી દીક્ષા આપવા વિચાર્યું.

પ. પૂ. આચાર્યદેવ કેશરસૂરીશ્વરજી મહારાજના સમુદાયના પંન્યાસજી મહારાજ શ્રી હેમપ્રભવીજયજી મહારાજ સાહેબ શિષ્યો સાથે ઉગ્ર વિહાર કરી ભાવનગર પધાર્યા તેમજ તેવી રીતે સાધ્વીજી મહારાજ સાહેબ જ્ઞાનશ્રીજી મહારાજ સપરીવાર ઉગ્ર વિહાર કરી દીક્ષા આપવા ભાવનગર પધાર્યા. વાજતે ગાજતે સુંદર સામૈયું થયું અને બેનના કુટુંબીઓએ હર્ષપૂર્વક પંચાન્હીકા મહોત્સવ ઉજવવાનું નક્કી કર્યું. અને ઉત્સવના પ્રથમ દિવસે વ્યાખ્યાન સમયે શ્રી કૃષ્ણનગર જૈન સોસાયટીએ બેન મંજુલાબેનનું એક સન્માનપત્ર તથા શ્રીફળ અને રૂા. ૧૦૧) આપી બહુમાન કર્યું.

આ સમારંભમાં શાહ શ્રી ગુલાબચંદ લલ્લુભાઈએ બોલતાં ત્યાગની બાબતમાં એક સુંદર અને સમજવા જેવો દાખલો આપેલ હતો. એક વખત એક દિક્ષાર્થીબહેન સંસારના તમામ સુખોને લાત મારી દીક્ષા લેવા માટે જતા હતા, વર્ષિદાન દેતા હતા, વરઘોડો આગળ ભક્તીરસ સાથે વધતો હતો. સામેથી એજ રાજમાર્ગ પર એક જૈન બંધુનો લગ્નની ખુશાલીનો ફુલદડાનો વરઘોડો આવ્યો. શણગારેલ બગીમાં ફુલદડે રમતું યુગલ આ દિક્ષાર્થીની બગી લગોલગ આવ્યું. યુગલે ભાવપૂર્વક દિક્ષાર્થી બહેનને અભીવંદ્યા.

અને વરઘોડો પોતાના રસ્તે આગળ વધ્યો. વિચાર તો એ આવ્યો કે એક બાલકુમારીકા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંસારના સુખોને તિલાંજલી આપી રહી છે અને થોડા જ કલાકમાં સંયમ ગ્રહણ કરી, મોક્ષમાર્ગની કેડી ઉપર વિચરશે.

જ્યારે બીજી તરફ બીજી યુવતી માતૃગૃહ છોડી શ્વસુરગૃહે જવા નીકળી છે. શ્વસુરગૃહે પારકાને પોતાના કરવા અથાગ પરીશ્રમ લેવો પડશે અને પરોઢીએથી માંડી મોડી રાત સુધી સાસરીયાની સારસંભાળ સગવડ સાચવવામાં પ્રમત્ત રહેવું પડશે. જરાપણ ભુલ થતાં કેટલું સાંભળવાનું થાય તે જુદું.

માર્ગ તો બન્નેને ત્યાગનો, એકને માતૃગૃહનો ત્યાગ, બીજાને સંસારનો ત્યાગ.

ભાગ્યની રચના હોય તે મુજબ આગળ વધવાનું રહે. એક સંસાર તરી જાય, બીજાને ગળાબુડ સંસારમાં ખુંચતા જ રહેવાનું બને.

આ હકીકત ઘણીજ રસપ્રદ રીતે રજુ થઇ.

ત્યારબાદ શ્રી. બહેચરલાલ નાનચંદભાઇએ પણ બેન મંજુલાબેનના ત્યાગ ઉપર ઘણુંજ મનનીય પ્રવચન કર્યું. વારણા પ્રસંગે શ્રી બહેચરભાઇની નાદુરસ્ત અને નાજુક તબીયતને કારણે કાંઈપણ નિયમ સ્વીકારી શકવાને અશક્તી દર્શાવી. બેન મંજુલાબેને એક અપૂર્વ અને ઉપયોગી નિયમ 'મૌન' પાળવાનો આપ્યો કે જે તેમની તબીયતમાં પણ ઔષધનું કામ કરે તેવો નિયમ આપ્યો.

ત્યારબાદ શ્રી કૃષ્ણનગર જૈન સોસાયટીના મંત્રી શ્રી હિંમતલાલ અનોપચંદ મોતીવાળાએ સન્માનપત્ર વાંચી સંભળાવી બેન મંજુલાબેનને સુખડનો પુષ્પહાર પહેરાવી શ્રીફળ તથા રૂા. ૧૦૧) સાથે સન્માનપત્ર અર્પણ કર્યું.

ગુરુ મહારાજ સાહેબોએ સંસારની અસારતા ઉપર સુંદર પ્રવચન કર્યું હતું.

ઉત્સવના બીજા દિવસે શ્રી સીદ્ધચક્રપૂજન ખુબ જ આનંદોલ્લાસ સાથે ભણાવવામાં આવ્યું અને દરરોજ રાત્રીભાવના પણ રાખવામાં આવેલ.

ઉત્સવ દરમ્યાન સોમવારની રાત્રીએ શ્રી. લલીતસુરીશ્વરજી સંગીત કળા મંડળ, શ્રી. વર્ધમાન મંડળ, શ્રી કુમારીકા મંડળ, શ્રી. સ્નાત્ર મંડળ વીગેરે મંડળોએ બેન મંજુલાબેનનું બહુમાન કર્યું હતું.

આ પ્રસંગ સાથે શ્રી. કુમારીકા મંડળ તથા પાઠશાળાની બાલીકાઓએ એક સુંદર ત્યાગનો મહીમા વર્ણવતો પ્રોગ્રામ લગભગ ત્રણ કલાક સુધીનો આપ્યો હતો અને અનેક રીતે દિક્ષાર્થીબેનને અનુમોદના આપી હતી.

શ્રી. ભગવાનલાલ ગોપાળજી તરફથી શ્રી કૃષ્ણનગરના પ્રત્યેક ઘર દીઠ બુંદીના લાડવાની પ્રભાવના કરવામાં આવી હતી.

ઉપરાંત ઉત્સવ દરમ્યાન દરરોજ જુદી જુદી પ્રભાવનાઓ પણ કરવામાં આવી હતી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અષાડ શુદ ૬ મંગળવારે તેઓના તરફથી ભવ્ય રથયાત્રાનો વરઘોડો યોજવામાં આવેલ અને તેમના નિવાસસ્થાનેથી ચઢીને મોટા દેરાસર વરઘોડો ઉતર્યો હતો.

અષાડ શુદ ૭ ના મંગળ પ્રભાતે દીક્ષાનું મુહૂર્ત હતું. તેમના નીવાસસ્થાનેથી વર્ષિદાનનો વરઘોડો ચઢીને શ્રી કૃષ્ણનગર દેરાસર ઉતર્યો હતો.

બેન મંજુલાબેન અપૂર્વ આનંદ ઉલ્લાસ સાથે વર્ષિદાન દેતા દેતા દેરાસર આવ્યા અને બાજુમાં સાંકળીબાઇ સભાગૃહમાં તેમને દીક્ષા પ્રદાન કરવામાં આવી.

પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી મેરૂપ્રભસુરીશ્વરજી મહારાજ સાહેબ, આચાર્યદેવ શ્રી રામરત્નસુરીશ્વરજી મહારાજ સાહેબ તથા પન્યાસજી મહારાજ શ્રી હેમપ્રભવિજયજી મહારાજ સાહેબ તથા શ્રી સંજમવિજયજી મહારાજ સાહેબ આદિ મુની ભગવંતોની શુભ નિશ્રામાં અને અપુર્વ માનવ મેદની વચ્ચે મંજુલાબેનમાંથી તેઓ "પીયુષવર્ષાશ્રીજી" બન્યા. જીવન ધન્ય બન્યું.

## ભાવનગરમાં ભવ્ય પ્રવ્રજ્યા પ્રસંગ

શાસન સમ્રાટ્ પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબના પટ્ટધર ગીતાર્થ શિરોમણિ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજ સા.ના પટ્ટાલંકાર શાસન પ્રભાવક પરમ પૂ આચાર્ય ભગવંત શ્રી વિજયમેરુપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબની શુભ નિશ્રામાં જેઠ વદ ૨ના ભવ્ય ચાતુર્માસ પ્રવેશ થયેલ. ત્યાર બાદ ટૂંક સમયમાં ઝડપી નિર્ણયાત્મક શક્તિના કારણે શ્રી સુંદરજી કેશવજીભાઈ દૂધવાળાએ જેઠ વદ ૧૧ના ધામધૂમપૂર્વક અપૂર્વ ઉલ્લાસ સહ ચતુર્વિધ સંઘની વિપુલ હાજરીમાં પ્રવ્રજ્યાના પુણ્યપંથે પ્રસ્થાન કરેલ. તેમને દીક્ષા લેવાની ભાવના ઘણા સમયથી હતી, તે સમય પરિપકવ થયે શ્રી ભગતભાઇને દીક્ષાની વાત કરી અને તેઓએ પૂજ્યપાદ શ્રી આચાર્ય ભગવંતશ્રીને જણાવી અને નક્કી કર્યું. તેઓને શ્રીસંઘ, સામાયિક શાળા, સ્નાત્ર મંડળ તરફથી માનપત્ર આપવામાં આવેલ. દીક્ષાભિલાષી સુંદરજીભાઇને પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજયમેરુપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય મુનિશ્રી માનતુંગવિજયજી મહારાજ સાહેબના શિષ્ય મુનિશ્રી સૌમ્યસેનવિજયજી તરીકે જાહેર કરવામાં આવેલ. અષાડ સુદ ૧૩ના વડી દીક્ષા થશે.

## શ્રી મહાવીર જૈન વિદ્યાલય : વિદ્યાર્થીની શિષ્યવૃત્તિ–૧૯૭૮

સને ૧૯૭૮માં લેવાયેલ ગુજરાત અને મહાષ્ટ્ર રાજ્યની એસ. એસ. સી.ની પરીક્ષામાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર અને ઉચ્ચ અભ્યાસ ચાલુ રાખનાર શ્વેતાંબર મૂર્તિપૂજક એક જૈન વિદ્યાર્થીનીને રૂ. ૩૦૦)ની શ્રીમતી લીલાવતી ભોળાભાઇ મોહનલાલ ઝવેરી જૈન વિદ્યાર્થીની શિષ્યવૃત્તિ આપવાની છે. એ અંગે નિયત અરજીપત્રક શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઇ–૩૬ ઉપર આવેલ કાર્યાલયથી મળશે, જે સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૭૮ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેં ફૂલ ચોર્યાં : ( ટાઈટલ પેજ ૧ થી ચાલુ )

બા પાસે હું કોઈ દિવસ ખોટું નહોતો બોલતો, તેથી મેં જેવો હતો તેવો ખુલાસો કર્યો.

“ જો, ભાઈ, પાડોશીના બગીચામાં વગર રજાએ આપણાથી ન જવાય, એમની પરવાનગી વિના ફળ-ફૂલને તો હાથ પણ ન અડાડાય. ફૂલો ખીલવા માટે જનમે છે. આ કળીઓ, ફૂલઝાડનાં દૂધ પીતાં સંતાનો છે. એને ચૂંટવામાં તેં પાપ કર્યું છે, ફૂલ-દેવપૂજા માટે ચૂંટવાં જોઈએ એ ખરૂં, પણ એમાં વિવેક અને સંભાળ જરૂર હોવી જોઈએ. ફૂલની ખાતર ઝાડને ઝૂડવું એ નિર્દયતા છે. દેવપૂજાનું પુણ્ય એમ ન મળે. ” મારી સ્નેહાળ માતાએ પૂજાની અને ફૂલના નૈવેદ્યની વિધિ સમજાવવા માંડી: “ દેવોને ફૂલના ગંજ જોઈએ એ માન્યતા ખોટી છે. એમને તો એક ફૂલ હોય-એક પાંખડી હોય તો પણ ચાલે. માત્ર આપણી ભાવના ફૂલ-પાંખડી જેવી વિશુદ્ધ હોવી જોઈએ. ”

તે દિવસે હું એટલું સમજ્યો કે સૌને-પ્રાણી, વનસ્પતિ, માનવી માત્રને, એની સ્વાભાવિક મર્યાદામાં વિકસવાની સ્વતંત્રતા મળવી જોઈએ. ફૂલ એનાં ઝાડ ઉપર જ્યારે ખીલતું હોય છે ત્યારે તે જાણે કે માતાના ખોળામાં કલ્લોલ કરતું હોય-માતાના અંતરમાંથી રસ, ગંધ, પવિત્રતાનું પોષણ મેળવતું હોય એમ લાગે છે. આવા ફૂલો અકાળે ચૂંટી લેવા એ તેમના વિકાસ આડે અંતરાય ઊભો કરવા જેવો ભારે અપરાધ છે. —સુશીલ

卐


## અસાધારણ મોંઘવારીમાં પુનઃ પ્રકાશન થવું સંભવિત નથી.
## હવે જુજ નકલો જ બાકી છે.

# દરેક લાયબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૨૨-૦૦ | ૧૦ નમસ્કાર મહામંત્ર | ૩-૦૦ |
| ૨ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૫-૦૦ | ૧૧ ચાર સાધન | ૩-૦૦ |
| ૩ કાવ્ય સુધાકર | ૨-૫૦ | ૧૨ ભગવાન મહાવીર યુગના ઉપાસકો | ૩-૦૦ |
| ૪ કથા રત્ન કોષ ભા. ૧ | ૧૪-૦૦ | ૧૩ જાણ્યું અને જોયું | ૩-૦૦ |
| ૫ કથા રત્ન કોષ ભા. ૨ | ૧૨-૦૦ | ૧૪ ભ. મહાવીર યુગની ઉપાસિકાઓ | ૩-૦૦ |
| ૬ આત્મ કાન્તિ પ્રકાશ | ૧-૫૦ | ૧૫ પૂજ્ય આગમપ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક પાકુ બાઈન્ડીંગ | ૬-૨૫ |
| ૭ જ્ઞાન પ્રદીપ (ભા. ૧ થી ૩ સાથે) સ્વ. આ. વિજયકસ્તૂરસૂરિજી રચિત | ૧૨-૦૦ | કાચુ બાઈન્ડીંગ | ૫-૨૫ |
| ૮ ધર્મ કૌશલ્ય | ૩-૦૦ | ૧૬ દ્વાદશાર નયચક્ર ભા. ૧ | ૪૦-૦૦ |
| ૯ અનેકાન્તવાદ | ૩-૦૦ | ૧૭ દ્વાદશાર નયચક્ર ભા. ૨ | ૪૦-૦૦ |

: લખો :

## શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર


તંત્રી : શ્રી ગુલાબચંદ લલુભાઈ શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી:
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : શ્રી ગિરધરલાલ ફૂલચંદ શાહ, સાધના મુદ્રણાલય, દાણાપીઠ : ભાવનગર

For Private And Personal Use Only